મુંબઇ ઇલાકાના કેળવણીખાતા તરફથી ઈનામ, લાયબ્રેરી માટે મંજૂર.

શાળોપયોગી ભૂગોળમાળાઃ—મણકો ૧ લો.

ગુજરાત પ્રાંત

કર્તા,

વલ્લભભાઈ લલ્લુભાઈ પટેલ.

ઍસિ૦ શિક્ષક,

પ્રે. રા. ટ્રે. કૉ. ની પ્રૅક્ટિ. સ્કૂલ.

અમદાવાદ.

ધી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો.

રીચીરોડ—અમદાવાદ.

કિંમત ૦-૪-૦

મુંબઈ ઈલાકાના કેળવણીખાતા તરફથી ઇનામ; લાયબ્રેરી માટે મંજુર.

શાળોપયોગી ભૂગોળમાળાઃ-મણકો ૧ લો.

ગુજરાત પ્રાંત

અને

ઉત્તર વિભાગ.

કર્તા,

વલ્લભભાઈ લલ્લુભાઇ પટેલ,

ઍસિ૦ શિક્ષક, પ્રે. રા. ટ્રે. કો. ની પ્રેક્ટિ. સ્કૂલ.

છપાવી પ્રસિદ્ધ કર્તા,

પોપટલાલ મગનલાલ ગજરાવાળા,

ધી ગુજરાત ઓરીએન્ટલ બુક ડીપો.

રીચીરોડ—**અમદાવાદ.**

આવૃત્તિ ૭ મી]   [સને ૧૯૨૮

કિંમત ૦-૪-૦

પ્રસ્તાવના.

કુમળી વયનાં બાળકો આનંદથી વાંચે, ભૂગોળના અગત્યના સિદ્ધાંતો તેમના સમજવામાં આવે અને શિક્ષકોને કંઇક ઉપયોગી થઇ પડે તેવી **ગુજરાત પ્રાંતની ભૂગોળ** લખવાનો વિચાર લાંબી મુદતે પણ અમલમાં મુકાતાં મને ઘણો આનંદ થાય છે.

"માત્ર સ્થળોનાં નામ ગોખાવવામાંજ ભૂગોળ શીખવવાનો હેતુ પરિસમાપ્ત થતો નથી. અમુક ભાગની આબોહવા કેવી છે, તેવી આબોહવા હોવાનાં શાં શાં કારણો છે, તેનું કુદરતી સ્વરૂપ કેવું છે, તેથી ત્યાંની પ્રજાના સ્વભાવ ને વેપાર પર કેવી અસર થાય છે, ત્યાંથી કયો માલ પરદેશ ચઢે છે, અને પરદેશથી કયો માલ ત્યાં આવે છે, આ બાબતો ભૂગોળના વિષયમાં શીખવવી જોઇએ." શિક્ષણશાસ્ત્રનો આ સિદ્ધાંત લક્ષમાં રાખીને આ નાનકડું પુસ્તક લખવામાં આવ્યું છે. આશા છે કે તે વિદ્યાર્થીઓને ઘણું ઉપયોગી થઈ પડશે.


નદીઓ, પર્વતો, આબોહવા સંબંધી કેટલાક **પાઠ** યોજવામાં આવ્યા છે તે ખાસ ઉપયોગી છે.

અનુભવી શિક્ષકબંધુઓ તરફથી યોગ્ય સુધારોવધારો કરવાનું સૂચવવામાં આવશે, તો આભાર સાથે તે સ્વીકારી હવે પછીની આવૃત્તિ વખતે તેનો અમલ કરવામાં આવશે.

આ પુસ્તક લખવામાં પ્રેક્ટિ૦ સ્કૂલના હેડમાસ્તર રા. વલ્લભભાઈએ જે કીમતી મદદ કરી છે, તે માટે તેઓ સાહેબનો તથા પ્રસિદ્ધ કર્ત્તા રા. પોપટલાલનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું.


માર્ચ, ૧૯૨૫.
અમદાવાદ.


વ. લ. પટેલ.



ગુજરાત પ્રાંત
બ્રિટિશ રાજ્ય.
દેશી રાજ્ય.
વડોદરા રાજ્ય.
કચ્છનું મોટું રણ
રજપુતાના
પાલણપુર
આબુરોડ
ડીસા
રાધનપુર
મહીકાંઠા
અહમદનગર
મહીનદી
કચ્છ
ભુજ
અંજાર
માંડવી
કચ્છનો અખાત
નાનું રણ
ધ્રાંગધ્રા
મોરબી
આલાવાડ
વઢવાણ
ધોળકા
અમદાવાદ
વિરમગામ
લુણાવાડા
મધ્ય હિંદુસ્તાન
બારીઆ
છોટાઉદેપૂર
નર્મદાનદી
જામનગર
રાજકોટ
હાલાર
ગોંડળ
બોટાદ
કાઠિઆવાડ
પોરબંદર
જુનાગઢ
સોરઠ
ગોહિલવાડ
પાલીતાણા
કુંડલા
વેરાવળ
સોમનાથ
દીવ (ફિરંગી)
જાફરાબાદ
ખંભાતનો અખાત
નાંદોદ
ભરૂચ
તાપીનદી
ડાંગ
ખાનદેશ
વલસાડ
ધરમપૂર
નાશિક
ઘોલવાડ
પાલઘર
થાણા
ઇગતપુરી
અહમદનગર
કલ્યાણ
મુંબઈ

ગુજરાત પ્રાંતની ભૂગોળ.


ટેકરીઓ
ધોધ
જ્વાળામુખી
દેખાવ


ભૂશિર
સરોવર
ઉપસાગર
ઉચ્ચપ્રદેશ
ઉપસાગર
બંદર
શહેર
મે દા ન
ભૂશિર
બે ટ
સા ગ ર
પ્લાન.

પાઠ ૧ લો–ગુજરાત પ્રાંત.

છોકરાઓ, તમે તમારા ગામની, તાલુકાની, અને જિલ્લાની ભૂગોળ શીખી ગયા. આ ચોપડીમાં તમને એથી વધારે શીખવાનું મળશે.

આપણે એક બીજા સાથે વાત કરતાં જેવી બોલી બોલીએ છીએ, તેવી બોલી દરેક જગાએ બોલાતી નથી. જુદી જુદી જગાએ જુદી જુદી બોલી બોલાય છે. આપણે જે બોલી બોલીએ છીએ તે બોલી **ગુજરાતી** કહેવાય છે. **એકજ જાતની ભાષા બોલનારા અને એકજ રીત-રિવાજવાળા લોકો જેટલા ભાગમાં વસે છે, તેને પ્રાંત** કહે છે. આપણે ગુજરાત પ્રાંતમાં રહીએ છીએ. પહેલાંના વખતમાં અહીં **ગુર્જર** જાતના લોકો આવીને રહ્યા હતા. તેમના નામ પરથી આપણા પ્રાંતનું નામ **ગુજરાત પ્રાંત** પડયું છે. **ગુજરાતી ભાષા બોલનારા હિંદુ, મુસલમાન, કે પારસી સઘળા ગુજરાતી કહેવાય.**

સીમાઃ—ઉત્તરે **કચ્છનું** રણ અને **મારવાડ**, પૂર્વે **ખાનદેશ** ને **માળવા** પ્રાંત, દક્ષિણે **અરબી** સમુદ્ર અને **મહારાષ્ટ્ર**, અને પશ્ચિમે **કચ્છનું** રણ તથા **અરબી** સમુદ્ર છે.

પાઠ ૨ જો–કુદરતી વિભાગો.

આપણા પ્રાંતનો વિસ્તાર ૫૫૦૦૦+ ચોરસ માઇલ છે. ગુજરાત પ્રાંતના નકશા તરફ જોઈશું, તો તેના કુદરતી રીતેજ બે ભાગ પડેલા નજરે પડે છે. આ બે ભાગો

+ શિક્ષકે પોતાના જિલ્લાના વિસ્તાર સાથે સરખાવવો.

કચ્છનું રણ **અને** **ખંભાતના** **અખાત** **વચ્ચેની** **જમીનની** **સાંકડી** **પટીથી** **જોડાએલા** છે. **પશ્ચિમ** **ભાગની** **ત્રણ** **બાજુએ** દરીઓ આવેલો છે, ને એક બાજુએ જમીન આવેલી છે, તેથી એનું નામ **દ્વીપકલ્પ** પાડીશું. પૂર્વ તરફનો ભાગ મોટો છે. એની ઉત્તર, દક્ષિણ, ને પૂર્વ દિશાએ પહાડો આવેલા છે, તેને લીધે તે બીજા ભાગોથી જુદો પડયો છે. આ ભાગને આપણે **ખંડસ્થ ભૂમિ** કહીશું.

દ્વીપકલ્પને એક જુદોજ ભાગ ગણીને ખંડસ્થ ભૂમિનેજ કેટલાક **ગુજરાત** નામથી ઓળખે છે. એ **દ્વીપકલ્પનું** નામ **કાઠિઆવાડ** છે. અસલ એને **સૌરાષ્ટ્ર** એટલે સુંદર ભૂમિ કહેતા હતા, પણ ચારસેં વરસ પહેલાં **કાઠી** જાતના રજપુતો આ ભાગમાં આવીને વસ્યા ત્યારથી તેમના નામ પરથી એનું નામ **કાઠિઆવાડ** પડયું છે.

પાઠ ૩ જો.

આપણે જેના પર ચાલીએ છીએ, તથા જેના પર ગામો અને શહેરો વસેલાં છે, એ જમીન સરખી સપાટ નથી. કોઇ જગાએ જમીન ઉંચી તો કોઈ જગાએ નીચી હોય છે. ઉંચી જમીનને **ટેકરી** કહે છે. ઉંચી ટેકરીને **ડુંગરી** અને મોટી ડુંગરી તે ડુંગર કહેવાય છે. ઘણા ઉંચા ને આઘે સુધી વધેલા ડુંગરને **પર્વત** કહેવાય. પર્વતમાંથી જુદી જુદી જાતના ઘણા નાના મોટા પત્થરો નીકળે છે, તે ઇમારત બાંધવાના કામમાં આવે છે. વળી કોઇ કોઇ પર્વતમાંથી લોઢું, અબરખ, મેંગેનીઝ જેવી ધાતુઓ નીકળે છે. વળી પર્વત પર સાગ, સીસમ, વાંસ, બાવળ, વગેરે મોટાં ઝાડો

થાય છે, તે ઈમારત બાંધવાના કામમાં તથા બાળવાના કામમાં આવે છે. કેટલાક ડુંગર પર ઝાડી હોતી નથી, આવા ડુંગરો **બોડા ડુંગર** કહેવાય છે. પર્વતની ટોચને **શિખર** કહે છે. કેટલાંક શિખરો પર દેવદેવીઓનાં મંદિરો બાંધેલાં હોય છે, તેથી એવા પર્વત પર ઘણા લોકો જાત્રાએ જાય છે. વળી પર્વત પરની હવા ઠંડી હોવાથી ઉનાળામાં કેટલાક લોકો હવા ખાવા માટે જાય છે. પરદેશી રાજાથી પોતાના દેશનું રક્ષણ કરવાને કેટલાક રાજાઓ પર્વત પર કિલ્લા બાંધે છે. આવા ડુંગરો અને પર્વતો આપણા ગુજરાત પ્રાંતમાં ઘણા છે.

ગુજરાતના પર્વતો:—

૧. અરવલ્લી—ગુજરાતની ઉત્તરે મોટો પર્વત :છે. તેનું સૌથી ઉંચું શિખર **આબુ** છે. આપણા પ્રાંતના બધા પર્વતો કરતાં તે ઉંચું હોવાથી તે **ગિરિરાજ એટલે પર્વતોનો રાજા કહેવાય છે.** તેની ઉંચાઇ ૫,૬૦૦ **ફુટ છે.** પર્વત ઉપર અંબા માતાનું દહેરૂં, જૈન લોકોનાં દહેરાં, નખી તળાવ વગેરે જોવા લાયક ઘણાં સ્થળ છે. દેલ-વાડામાં **વિ**મળશાનાં, ને **વ**સ્તુપાળ તથા **તે**જપાળનાં બંધા-વેલાં દહેરાં ઘણાંજ સુંદર છે. **વિ**મળશા ગુજરાતના રાજા પહેલા **ભી**મદેવનો સેનાપતિ હતો. તેણે **અ**ચળેશ્વરના ઢુંઢુ-રાજ નામના રાજાને હરાવી તેની પાસેથી **ચિત્રકૂટ** નામનું રમણીય શિખર લીધું, અને ત્યાં ઇ. સ. ૧૦૩૨ માં આરસ-પહાણનાં સુંદર **જૈન** દહેરાં બંધાવ્યાં. ત્યાંનાં દહેરાં "**દેલવાડાનાં દહેરાં**" એ નામથી જાણીતાં છે. આ દહેરાં બંધાવ્યાને આજે લગભગ નવસેં વરસ થયાં છે, છતાં તેની કોતરણી અને સુંદરતા જેવી ને તેવીજ જોવામાં આવે છે. આથી

હજારો જૈનો જાત્રાર્થે અને ઘણા પરદેશી અને પરધર્મીઓ નિરીક્ષાર્થે ત્યાં જાય છે.

વસ્તુપાળ અને **તેજપાળ** નામના બે ભાઇઓ ધોળકાના વાઘેલા રાણા **વીરધવળ**ના પ્રધાન હતા. તેઓ ઘણા પૈસાદાર હતા. તેમણે **આબુ**, **ગીરનાર** અને **શેત્રુંજય**ના ડુંગરો ઉપર ઉમદા દહેરાં બંધાવ્યાં છે. **તેમાં આબુનાં** દહેરાં સૌથી ઉત્તમ કારીગરીનાં છે. તેઓનો બહારનો દેખાવ વખાણવા જેવો નથી, પણ અંદરનું કોતરકામ ઘણું વખાણવા લાયક છે. એ કોતરણી એવી બારીકીથી કરેલી છે, કે જાણે મીણનાં બીબાંમાં ઉતારી હોય એવો ભાસ થાય છે. કારીગરોને પર્વત ઉપર કામ કરતાં ટાઢ વાય નહિ, એટલા માટે દરેક કારીગર પાસે સગડી મૂકવામાં આવતી, અને સાંજે ઉનાં ભોજન કરાવી બધાને જમાડવામાં આવતાં. કોતરણીનું બારીક કામ કરનાર કારીગરોને દહાડાને અંતે કોતરણી કરતાં પત્થરનો જેટલો ભુકો પડતો, તેના વજન બરાબર ચાંદી મજુરી તરીકે આપવામાં આવતી હતી. આ દહેરાં પાછળ તેમણે બાર કરોડ ને પચાસ લાખ રૂપીઆ ખરચ કર્યો હતો. આ દેવળમાં દેરાણી જેઠાણી એટલે વસ્તુપાળ ને તેજપાળની સ્રીઓના બે ગોખલા બનાવેલા છે. તેની પાછળ નવ લાખ રૂપીઆ ખરચેલા કહેવાય છે. પરદેશના ઘણા મુસાફરો આ દહેરાં જોવા આવે છે, અને તેઓ દહેરાં જોઇને આ દેશની જુની કારીગરીનાં ઘણાં વખાણ કરે છે.

૨. **આરાસુર**—ગુજરાતની ઇશાન સરહદ પર આ પર્વત આવેલો છે. તેમાંથી કોઇ કોઇ સ્થળે **આરસ પહાણ** નામનો પત્થર નીકળે છે, એથી પર્વતનું નામ આરાસુર પડયું છે.

૩. **પાવાગઢ**—આ ડુંગર ૨,૫૦૦ ફુટ ઉંચો છે. ત્યાં પવન ઘણો વાય છે, તેથી તેનું નામ **પવનગઢ** કે **પાવાગઢ** પડેલું છે. પર્વત પરનો **ડુંગરી કિલ્લો, ખાપરા ઝવેરીનો મહેલ, નાગર હવેલી, માંચી હવેલી, નવલખ કોઠાર, દુધીઉં તળાવ, જૈન લોકોનાં દહેરાં** અને **કાળકા માતાનું દહેરૂં** એ જોવા લાયક જગાઓ છે. આ ડુંગરમાંથી **લોઢું ને મેંગેનીઝની** કાચી ધાતુઓ નીકળે છે.

૪. **રાજપીપળા**—આ ડુંગર સાતપુડાની શાખા છે. તેમાં સાગ, વાંસ વગેરે ઇમારતી લાકડાંની પેદાશ સારી થાય છે. એના જંગલમાં વાઘ, ચિત્તા વગેરે હિંસક પ્રાણીઓ જોવામાં આવે છે.

૫. **ગીરનાર**—આ પર્વત કાઠિઆવાડમાં આવેલો છે. તેની ઉંચાઇ ૩,૫૦૦ ફુટ છે. કાઠિઆવાડના બધા પર્વતો કરતાં એ ઉંચો છે. એના પર હિંદુ અને જૈન લોકોનાં દહેરાં છે.

૬. **શેત્રુંજો**—૨,૫૦૦ ફુટ ઉંચો છે. એના પર **વસ્તુપાળ** ને **તેજપાળે** બાંધેલાં દહેરાં જોવા લાયક છે.

૭. **બર્ડો**—આ ડુંગર પર **વાંસનાં** ઝાડ બહુ થાય છે. વળી તેમાંથી **લોખંડ** પણ નીકળે છે.

આ સિવાય **ચોટીલો, મોડાસાનો** ડુંગર, વગેરે બીજા નાના ડુંગરો ઘણા છે.

પાઠ ૪ થો—નદીઓ.

સુરજના તાપથી **પાણીની** વરાળ થઇ ઉંચે ચઢે છે, ને ત્યાં તેનાં વાદળાં બંધાય છે. વાદળાં ઠંડાં પડે છે, ત્યારે તેનું પાણી થઇ નીચે પડે છે, તેને આપણે વરસાદ કહીએ

છીએ. ડુંગર પર અને જ્યાં વધારે ઝાડી હોય ત્યાં બીજા ભાગ કરતાં પણ વધારે વરસાદ પડે છે. વરસાદનું પાણી ડુંગરોમાં ખાડા અને ખીણોમાં ભરાઇ રહી ધીમે ધીમે વહે છે. પાણીના આવા પ્રવાહને **નદી** કહે છે. નદી હંમેશાં નીચી જમીન તરફ વહે છે, અને બીજી નદીને, સરોવરને કે દરીઆને મળે છે. ચોમાસામાં નદીઓ પાણીથી ભરેલી હોય છે, પણ બીજી ઋતુમાં તેમાં ઓછું પાણી હોય છે. પોતાના માર્ગમાં માટી, કચરો વગેરે જે કંઇ આવે તેને નદી દરીઆમાં ખેંચી જાય છે. નદીનું પાણી નાહવાધોવાના તથા પીવાના કામમાં આવે છે. કોઇ નદીનું પાણી ખેતીના ઉપયોગમાં પણ આવે છે. નદીમાંથી મોટી નીકો વાટે ખેતરોમાં પાણી લઇ જવામાં આવે છે. આવી નીકોને **નહેરો** કહે છે. અમદાવાદ જિલ્લામાં આવી નહેર છે. ચોમાસામાં કાંઠાની જમીન પર નદીનું પાણી ફરી વળે છે, અને ત્યાં કચરો વગેરે લાવીને નાખે છે. આ કારણથી કાંઠાની જમીન ઘણી ફળદ્રૂપ હોય છે. આવી કાંઠાની જમીન **ભાઠાની જમીન** કહેવાય છે. ભાઠાની જમીનમાં તમાકુ, શેરડી, વગેરે કીમતી પાક થાય છે. કોઇ કોઇ મોટી નદીઓમાં હોડીઓ ને વહાણો ફરી શકે છે, ને એ રીતે વેપારને માટે પણ નદીઓ ઉપયોગી થાય છે.

નદી જ્યાંથી નીકળતી હોય, તે તેનું **મૂળ** અને દરીઆને મળતી હોય ત્યાં આગળનો ભાગ તે **મુખ** કહેવાય છે. મુખ તરફ મોં કરીને ઉભા રહીએ તો **જમણા હાથ** તરફનો **જમણો કિનારો** અને **ડાબા હાથ** તરફનો **ડાબો કિનારો** કહેવાય છે. નદીના બંને કિનારાની વચ્ચેના ભાગને

પટ કહેવાય. અમદાવાદ શહેર સાબરમતી નદીના ડાબા કિનારા પર આવેલું છે.

ગુજરાતની નદીઓ:—

૧. **નર્મદા**(૬૦૦માઈલ+)–વિંધ્યાચળ પર્વતના અમરકંટક શિખરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. ગુજરાતની બધી નદીઓ કરતાં આ નદી મોટી છે. એમાં સુરપાણ નામનો ધોધ* છે. નર્મદા નદીનું બીજું નામ રેવાજી છે. હિંદુ લોકો એને પવિત્ર માને છે, અને ઘણા લોકો તેમાં નાહવા તથા પિતાનું શ્રાદ્ધ કરવા નદી પરના ચાણોદ ગામે જાય છે. આ નદી મુખ આગળ ઘણી પહોળી ને ઉંડી છે, તેથી તેમાં કેટલાક ભાગ સુધી વહાણો ફરી શકે છે. ભરૂચ, શુક્લતીર્થ ને ચાણોદ વગેરે સ્થળો તેના પર આવેલાં છે.

૨. **તાપી:**—(૪૫૦) સાતપુડા પર્વતમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. નર્મદા નદીની પેઠે આ નદી પણ પવિત્ર મનાય છે, ને તેમાં વહાણો ફરી શકે છે. તેના પર સુરત નામનું મોટું શહેર આવેલું છે.

૩. **સાબરમતી:**—(૧૫૦) અરવલ્લીના ડુંગરામાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. સાદરા અને અમદાવાદ એના પર આવેલાં મુખ્ય શહેર છે.

૪. **મહી:**-(૨૨૫) વાંસવાડાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. નદીનો પટ ઘણો પહોળો હોવાથી તે મહીસાગરના નામથી ઓળખાય છે.

+ આ આંકડા ગોખાવવાના નથી, પણ નદીઓની એક બીજા સાથે સરખામણી કરવા માટે છે.

* ઘણે ઉંચેથી પડતા પાણીને ધોધ કહે છે.

૫. બનાસઃ—આબુ પર્વતમાંથી નીકળી કચ્છના રણને મળે છે. આ નદી બીજી નદીને કે દરીઆને મળતી નથી, તેથી તે કુંવારી કહેવાય છે.

૬. સરસ્વતીઃ—આબુ પર્વતમાંથી નીકળી કચ્છના રણને મળે છે. આ નદી પણ **કુંવારી નદી** કહેવાય છે. નર્મદા અને તાપી નદીની પેઠે આ નદીને પણ હિંદુ લોકો પવિત્ર ગણે છે, અને ત્યાં નાહવા માટે તથા **માતૃશ્રાદ્ધ** કરવા માટે એના પર આવેલા **સિદ્ધપુર** ગામે જાય છે.

૭. ભાદરઃ—આ નદી કાઠિઆવાડમાં આવેલી છે. ચોટીલા પહાડમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે.

આ સિવાય **વાત્રક, મેશ્વો, શેઢી, હાથમતી, ઢાઢર, વિશ્વામિત્રી, શેત્રુંજી, મચ્છુ, આજી** વગેરે ઘણી નદીઓ આપણા પ્રાંતમાં આવેલી છે.

ડુંગર અને દરીઆ વચ્ચે બહુ અંતર ન હોવાને લીધે કાઠિઆવાડની નદીઓ ઘણી ટુંકી છે.

પાઠ ૫ મો-વરસાદ અને હવા.

વરસાદઃ—

સુરજના તાપથી પાણીની વરાળ થઇ ઉંચે ચઢે છે, અને તેનાં વાદળાં બંધાય છે. આ પ્રમાણે હંમેશાં થયાજ કરે છે. વાદળાં ઠંડાં પડે છે એટલે વરસાદ પડે છે. આ બાબત તમે આગળ શીખી ગયા છો. વનસ્પતિ અને પર્વતો વાદળાં ઠંડાં પાડવામાં ઘણી મદદ કરે છે. આ કારણથી જંગલોવાળા-ઝાડીવાળા પ્રદેશમાં અને પર્વત ઉપર બીજા ભાગ કરતાં વધારે વરસાદ વરસે છે. વળી બીજા ભાગ કરતાં

દરીઆ પાસેના ભાગ પર વાદળાં વહેલાં આવે, ને ત્યાં ઉપર કહ્યાં તેવાં તેને ઠંડાં કરનાર સાધન હોય, તો ત્યાં પુષ્કળ વરસાદ પડે. રણમાં બીલકુલ ઝાડ હોતાં નથી, તેથી તથા રેતીના તપવાને લીધે ત્યાંની હવા ગરમ હોય છે, જેથી વાદળાં ઠંડાં થઈ શકતાં નથી. આ કારણથી રણમાં બહુજ થોડો વરસાદ પડે છે.

હવાઃ—

દરીઆ પાસેનાં ગામોમાં બીજા ભાગ કરતાં જરા ઠંડી રહે છે; કારણ કે દરીઆની એવી અસર છે, કે તે શિઆળામાં હવાને બહુ ઠંડી થવા ન દે, અને ઉનાળામાં બહુ ગરમ થવા ન દે. પણ દરીઆથી દૂરના ભાગની હવા શિઆળામાં ઠંડી ને ઉનાળામાં ગરમ રહે છે. દરીઆની પેઠે પર્વત પણ હવા પર અસર કરે છે. પર્વત પરની હવા ઠંડી હોય છે. રણમાંની રેતી તપવાને લીધે તેની તથા તેની પાસેના ભાગની હવા ગરમ રહે છે.

ગુજરાતનાં હવાપાણીઃ—

ગુજરાતની હવા સમધાત ને તંદુરસ્ત છે. ટાઢ અને તાપ જે પ્રમાણે જોઇએ તે પ્રમાણે પડે છે. કાઠિઆવાડની દક્ષિણ તથા પૂર્વ તરફનો ભાગ, અને સુરત અને ભરૂચ જિલ્લાનો પશ્ચિમ તરફનો ભાગ દરીઆ નજીક હોવાને લીધે તેની હવા બીજા ભાગ કરતાં સમધાત છે. કચ્છનું રણ નજીક આવેલું હોવાથી પાલણપુર એજંસિના પશ્ચિમ ભાગની હવા ગુજરાતના બીજા ભાગની હવા કરતાં વધારે ગરમ છે. ગીરના જંગલમાં અને સોનગઢ વ્યારાના જંગલમાં પુષ્કળ વરસાદને લીધે, તથા ઝાડીને લીધે, જમીનમાં ભેજ રહેવાથી હવા ભેજવાળી અને રોગિષ્ટ છે.

પૂર્વ દિશાએ અને ઇશાન ખુણા તરફ જ્યાં પર્વતો છે, ત્યાં બીજા ભાગો કરતાં વધારે વરસાદ વરસે છે. બાકીના ભાગમાં ખેતીને માફક આવે તેટલો જરૂર જેટલો વરસાદ પડે છે. કાઠિઆવાડના **ગીર, ગીરનાર,** ને **શેત્રુંજો** ડુંગર દરીઆની પાસે હોવાને લીધે વધારે વરસાદ વરસે છે; પણ ડુંગરો પર વરસાદ પડી ગએલો હોવાથી જેમ ઉત્તરે જઇએ, તેમ ઓછો માલમ પડે છે. **પાલણપુર** એજંસિના પશ્ચિમ ભાગમાં પાસે રણ હોવાને લીધે બહુજ થોડો વરસાદ પડે છે.

જમીન અને પાકઃ—

ગુજરાતની જમીન એવી ફળદ્રૂપ છે, ને તેમાં એવો સારો પાક થાય છે કે તેને **'વાડી'** એવું નામ આપવામાં આવે છે. મુખ્યત્વે કરીને **કાળી, ગોરાડુ, રેતાળ ને ભાઠાની** આ ચાર જાતની જમીન મુખ્ય છે, ને તેમાં સામાન્ય રીતે બાજરી, જુવાર, ડાંગર, ઘઉં, કઠોળ વગેરે અનાજ તથા તમાકુ, વરિઆળી, જીરૂં, અને ફળ એવો પરચુરણ પાક પુષ્કળ થાય છે. નીચેના ભાગો તેના ખાસ પાકને માટે જાણીતા છે.

ચરોતરઃ—ખેડા જિલ્લાનો **મહી** અને **શેઢી** નદીની વચ્ચેનો ભાગ ઘણો ફળદ્રૂપ હોવાને લીધે, **ચારુતર** કે **ચરોતર** એટલે ઘણો **સુંદર** પ્રદેશ કહેવાય છે. તેમાં કપાસ, વરિઆળી, તમાકુ ને જીરૂ બહુ પાકે છે. આ ભાગના **નડિઆદ** અને **આણંદ** સ્ટેશનેથી પુષ્કળ તમાકુ દેશાવર ચઢે છે.

કાનમઃ—**ભરૂચ** જિલ્લો, તથા **વડોદરા** પ્રાંતનો દક્ષિણ ભાગ **કાનમ** નામથી ઓળખાય છે. આ ભાગની જમીન કાળી છે, ને તેમાં કપાસ બહુ પાકે છે.

ભાલઃ—ધોળકા તાલુકાનો દક્ષિણ ભાગ તથા ધંધુકા તાલુકો ભાલ કહેવાય છે. આ ભાગની જમીન કાળી છે, ને ત્યાં ઘઉં તથા કપાસનો પાક થાય છે.

દસક્રોશીઃ—અમદાવાદની આજુબાજુના ભાગને દસક્રોશી કહે છે. એમાં ડાંગરનો પાક ઘણો થાય છે.

સુરત જિલ્લોઃ—આ જિલ્લાની જમીન ખેડા જિલ્લાની જમીન જેવી ફળદ્રૂપ છે. જુવાર, ડાંગર, શેરડી અને શાકભાજીના પાક ઉપરાંત કેરી અને ફણુસ વગેરે ફળો પણ બહુ થાય છે.

પંચમહાલ જિલ્લોઃ—આ જિલ્લાની ઘણી જમીન ડુંગરાળ છે. ત્યા મકાઇ ને ચણાનો મુખ્ય પાક છે.

વઢીઆરઃ—સરસ્વતી અને સાબરમતીની વચ્ચેના ભાગને વઢીઆર કહે છે. જમીન સપાટ અને ઘાસચારાથી ભરપુર છે. જુવાર અને ઘીની પેદાશ સારી થાય છે.

બીજી વનસ્પતિઃ—

ગુજરાતના પૂર્વ ભાગમાં, પંચમહાલમાં, ને કાઠિઆવાડમાંના ગીર વગેરે ડુંગરોમાં તથા તાપી ને નર્મદા નદી વચ્ચેના પૂર્વ તરફના પ્રદેશમાં જંગલો છે. તેમાં સાગ સીસમ, મહુડા, ખેર અને વાંસનાં ઝાડ થાય છે. પંચમહાલમાં સાગ ને મહુડાનાં ઝાડ પુષ્કળ છે. તે ઇમારત બાંધવાના કામમાં આવે છે. સુરત જિલ્લામાં આંબા, ફણુસ ને ખજુરનાં ઝાડ, તથા ખેડા જિલ્લામાં આંબા અને રાયણનાં ઝાડો થાય છે. કાનમના ભાગમાં, ભાલમાં, તથા કાઠિઆવાડના કેટલાક ભાગમાં ઝાડો સારાં ઉગતાં નથી. જંગલમાંથી જંગલી લોકો ગુંદર, લાખ, મીણ અને મધ લાવી વેચે છે.

*ખનીજ:—

પત્થર:—કાઠિઆવાડમાં **પોરબંદર** અને **ધ્રાંગધ્રા** પાસે તથા ગાયકવાડ તાબાના **સંખેડા** મહાલમાં ને **અમનગરમાં** પત્થરની ખાણો છે.

અકીક:—આ પત્થર ઘણો ચળકતો અને સુશોભિત હોય છે. તેના મણકા, બટન, ને એરીંગ તથા વીંટીમાં જડવાનાં **નંગ** બનાવે છે. **રાજપીપળાના ડુંગરમાંથી** તથા **મહીકાંઠામાં માજુમ નદીને** કાંઠેથી આ પત્થર જડે છે.

આરસપહાણ:—આ પત્થર ઘણો કઠણ, સુંવાળો અને કીમતી છે. ઉત્તરમાં **આરાસુર** પર્વતમાં તથા **ગાયકવાડ** તાબાના **સંખેડા મહાલના** મોતીપરા આગળ આરસની ખાણો છે.

લોઢું ને મેંગેનીઝ:—**પંચમહાલના** ડુંગરોમાં—**પાવાગઢમાં** તથા **બર્ડા** પર્વતમાંથી લોઢું, અને **પાવાગઢના** ડુંગરમાંથી મેંગેનીઝ નીકળે છે, પણ તે અહીં શુદ્ધ કરવામાં આવતું નથી. તે ઇંગ્લાંડ જાય છે. ત્યાં તેને શુદ્ધ કરવામાં આવે છે.

સુરોખાર:—**રાધનપુર** સંસ્થાનમાંથી આ જાતનો ખાર જડે છે.

મોતી:—**કચ્છના** અખાતમાંથી સાચાં મોતી નીકળે છે. આ મોતી **કાલુ** નામની એક જાતની માછલી બનાવે છે. માછલી છીપમાં રહે છે. **મોતી** કાઢી લીધા પછી છીપોનાં બટન, ચપ્પુના હાથા, છત્રીના હાથા વગેરે બનાવવાના કામમાં આવે છે.

---

* જમીનમાંથી નીકળે તે ખનીજ પદાર્થ કહેવાય.

મીઠું:—**વીરમગામ** પાસે **ખારાઘોડામાં** કુવાના પાણીથી મીઠું પકવવામાં આવે છે. આ મીઠું **વરાગડું મીઠું** કહેવાય છે; કારણ કે તેના મોટા ગાંગડા હોય છે. ઘણે ભાગે આ મીઠું આપણા પ્રાંતમાં વપરાય છે. **સુરત** જિલ્લામાં વલસાડ પાસે અને **કાઠિઆવાડમાં** દરીઆકિનારે દરીઆના પાણીમાંથી મીઠું પકવવામાં આવે છે. આ મીઠાને **ઘસીઉં મીઠું** કહે છે. તે ભુકા જેવું હોય છે.

જનાવરો:—

બળદ, ગાય, ભેંસ, ઘેટાં, બકરાં, ઊંટ, ને ગધેડાં, આ જનાવરોને ખેડુત, ભરવાડ ને બીજા લોકો ઉછેરે છે. આ સિવાય હરણ, સાબર, સસલાં, ભુંડ, રોઝ અને શિઆળ જેવાં જંગલી પશુઓ; અને વાઘ, દીપડા ને વરૂ જેવાં શિકારી જાનવરો પણ જંગલો ને પર્વત પર જોવામાં આવે છે. કાઠિઆવાડના **ગીરના** જંગલમાં સિંહ થાય છે. આખા હિંદુસ્તાનમાં સિંહ માત્ર અહીંજ જોવામાં આવે છે.

વસ્તી ને પહેરવેશ:—

ગુજરાત પ્રાંતની વસ્તી ૯૫,૦૦,૦૦૦ માણસની છે. તેમાં **હિંદુ, મુસલમાન, પારસી** અને **ખ્રિસ્તી** એ મુખ્ય જાતો છે.

હિંદુ, મુસલમાન અને **પારસી** કોમ તેમના પહેરવેશ પરથી ઝટ ઓળખાઈ આવે છે. હિંદુઓમાં પણ જુદી જુદી જ્ઞાતિના તથા જુદા જુદા ભાગના પહેરવેશમાં ફેર હોય છે.

જંગલોમાં **ભીલ** લોકો જોવામાં આવે છે. **નાયકડા, કોળી** વગેરે તેમની ઘણી જાતો છે. આ લોકો બીજી જાતના લોકો કરતાં ઘણા પછાત પડતા છે.

કાઠિઆવાડ પહાડી પ્રદેશ હોવાને લીધે ત્યાંના લોકો મજબુત છે. તેઓ માથે ફેંટા બાંધે છે, તથા સુરવાળ ને અંડી પહેરે છે. આ લોકોની બોલી ગુજરાતના લોકોથી જુદી પડે છે. આ કારણુથી કાઠિઆવાડના લોકો ઝટ ઓળખાઇ આવે છે.

જોડે આપેલાં **ચિત્રો** પરથી જુદી જુદી જાતના માણુસોના દેખાવ તથા પહેરવેશ સંબંધી તમને સારૂં જ્ઞાન મળશે.

ધંધો-ઉદ્યોગ:—

ગુજરાતની જમીન ઘણી ફળદ્રૂપ છે, અને વરસાદ પણુ જોઇએ તે પ્રમાણે પડે છે, એટલે ખેતી ઘણી સારી થાય છે. આ કારણુથી લોકોનો મુખ્ય ધંધો ખેતીનો છે. **અ**મદાવાદ અને **વ**ડોદરા જેવાં સ્થળોએ કાપડ વણુવાની મિલોમાં તથા બીજાં કારખાનાંમાં હજારો માણુસો મજુરી કરે છે. ગામડાંમાં ઢેડ લોકો હાથથી કાપડ વણુવાનું અને બીજા લોકો લોઢાનો, માટીનો, તથા રેશમનો સામાન બનાવવાનું કામ કરે છે.

આ ઉપરાંત **અ**મદાવાદ અને **સુ**રતમાં રેશમી કાપડ વણુવાનું, તથા કસબી અને રેશમી ભરતકામ કરવાનું હુન્નરી કામ કરવામાં પણુ કેટલાક માણુસો રોકાએલા છે. મધ્યમ વર્ગના લોકો વેપાર કરે છે. તેઓ વધારાની ચીજો બહાર મોકલવાનું, તથા બીજી જરૂરની ચીજો બહારથી મંગાવી વેચવાનું કામ કરે છે.

વેપાર:—

એક ભાગમાં થતો વધારાનો પાક કે વધારાની ચીજો બીજા ભાગમાં મોકલીને, ત્યાંથી વધારાની તથા પોતાના


ભીલ
ગુજરાતી
કાઠીયાવાડી
પાટીદાર
સુરતી
પારસી
મુસલમાન
વહોરો
ર.મ.રાવળ

ઉપયોગની ચીજો અહીં લાવવામાં આવે છે. આપણા પ્રાંતમાં ખેતીની પેદાશ વધારે થાય છે. આથી અનાજ, કપાસ ને તમાકુ વગેરે ખેતીની પેદાશ, તથા લોઢું ને મેંગેનીઝના પત્થરો પરદેશ ચઢે છે, અને ઘઉં, ચોખા, બાજરી વગેરે અનાજ, તથા કાપડ, યંત્રો ખાંડ, કાગળ, કાચ, દીવાસળી, સાગ વગેરે ઘણી ચીજો બહારથી લાવવામાં આવે છે. આ ઉપરાંત પ્રાંતની અંદર પણ જુદા જુદા ભાગોનો એક બીજા સાથે સારો વેપાર ચાલે છે. **ભા**લના ઘઉં, **પં**ચમહાલનો ગોધરીઓ સાગ, **સો**નગઢ **વ્યારા**નો વલસાડી સાગ, તથા **અ**મદાવાદનું રેશમી, સુતરાઉ અને કસબી કાપડ, આખા પ્રાંતમાં દરેક જગાએ જાય છે.

વેપારના માર્ગો—

હાલમાં આગગાડી થવાથી વેપારની સારી સગવડ છે. જ્યારે આગગાડી નહોતી ત્યારે પગરસ્તેજ વેપાર ચાલતો. ગાડાં અને પોઠ વડે માલ એક જગાથી બીજી જગાએ મોકલવામાં આવતો; પણ માલ બીજી જગાએ પહોંચતાં ઘણો વખત જતો હતો, અને રસ્તામાં ચોર લુટારાની બીક રહેતી. વળી હાલના જેવા સારા રસ્તા પણ બાંધેલા નહોતા. આથી વેપાર જોઇએ તેવો ચાલતો નહોતો, પણ અંગ્રેજ સરકારનું રાજ્ય થયા પછી રેલવે બંધાઇ છે, અને તેથી આગગાડીથી માલ લાવવા લઇ જવામાં આવે છે. આથી થોડા વખતમાં થોડે ખરચે અને કંઇ પણ બીક વગર માલની આવજા થઇ શકે છે.

જ્યાં રેલવે નથી ત્યાં કાચી સડકો બંધાવી છે, જેથી ગાડાં, પોઠ, કે ઊંટ વગેરેથી પણ વગર અડચણે વેપાર ચલાવી શકાય છે.

પ્રાંતના કેટલા ભાગ નજીક દરીઓ આવેલો હોવાથી વહાણો ને આગબોટોથી-દરીઆ માર્ગે પણ કેટલોક વેપાર ચાલે છે.

ગુજરાત પ્રાંતની મુખ્ય રેલવે:—

૧. મુંબઈ, વડોદરા અને મધ્ય હિંદુસ્તાન:-આ રેલવે **મું**બઇથી નીકળી **સુ**રત, **વ**ડોદરા, **ન**ડિઆદ, અમદાવાદ, ને **વી**રમગામ સુધી જાય છે. એના પાટા સાડાપાંચ ફુટ પહોળા છે, તેથી તે બ્રૉડગેજ કે પહોળા માપની રેલવે કહેવાય છે. આ રેલવે **બી. બી.** એન્ડ **સી. આઈ. રેલવે** (**બા**મ્બે બરોડા એન્ડ **સે**ન્ટ્રલ ઇંડિઆ રેલવે)ના નામથી ઓળખાય છે.

૨. રજપુતાના માળવા રેલવે:-આ રેલવે અમદાવાદથી મેસાણા ને પાલણપુર થઇને રજપુતાનામાં જાય છે.

૩. ભાવનગર ગોંડળ રેલવે:—આ રેલવે કાઠિઆવાડમાં આવેલી છે. તે **ભા**વનગરથી **ગોં**ડળ સુધી જાય છે.

આ સિવાય **ડ**ભોઇ-**ચા**ણોદ, **આ**ણંદ-**ખં**ભાત, **આ**ણંદ-**ગો**ધરા, **ગો**ધરા-**વ**ડોદરા, **ગો**ધરા-**ર**તલામ, **સુ**રત-**નં**દરબાર, **અ**મદાવાદ-**પ્રાં**તીજ, **અ**મદાવાદ-**ભા**વનગર (ધોળકા થઇને) અને **ન**ડીઆદ-કપડવંજ વગેરે ઘણી શાખા **ગુ**જરાતમાં છે.

રાજ્યવ્યવસ્થા:—

ગુજરાત પ્રાંતમાં ત્રણ પ્રકારનું રાજ્ય છે. (૧) **અંગ્રેજી રાજ્ય**, (૨) **દેશીરાજ્ય અને** (૩) **પરદેશી રાજ્ય**.

૧. અંગ્રેજી રાજ્ય:-જેટલા ભાગમાં ખુદ **અંગ્રેજ** સરકારનું રાજ્ય છે,તે અંગ્રેજી રાજ્ય કહેવાય છે. અંગ્રેજી રાજ્યને ખાલસા મુલક પણ કહે છે. **અંગ્રેજ** લોકો અહીંથી ૫,૦૦૦

માઇલ દૂર આવેલા ઈંગ્લાંડ નામે દેશના વતની છે. આ લોકો આશરે ૩૦૦ વરસ ઉપર આપણા દેશમાં વેપાર કરવા માટે આવ્યા હતા, અને તેમણે પોતાના બુદ્ધિબળ અને બહાદુરીથી રાજ્ય મેળવ્યું. હાલ આપણા પર **મહારાજા પાંચમા જયોર્જ** રાજ્ય કરે છે. તેઓ હિંદુસ્તાનના સર્વ રાજાઓના ઉપરી છે. તેમની રાજધાની ઈંગ્લાંડ દેશના **લંડન** નામે શહેરમાં છે. ત્યાં રહીને પોતાના તરફથી નીમેલા અધિકારીઓ મારફતે તેઓ રાજ્ય ચલાવે છે. મહારાજા ૫,૦૦૦ માઈલ દૂર રહે છે, છતાં રાજ્યની વ્યવસ્થા એવી ઉત્તમ છે, કે લોકો ઘણા સુખી છે.

ગુજરાતના ખાલસા મુલકના પાંચ ભાગ પાડી દરેકને **જિલ્લો** નામ આપવામાં આવ્યું છે. જિલ્લાના ઉપરી અમલદાર **કલેકટર** કહેવાય છે. તે પોતાના જિલ્લાનું મહેસુલ એકઠું કરવાનું તથા કેટલાક ફોજદારી ગુનાનો ચુકાદો આપવાનું કામ કરે છે. ચુકાદાનું કામ કરતી વખતે ડિસ્ટ્રિકટ માજિસ્ટ્રેટ કહેવાય છે. વળી મહેસુલ માફ કરવા કે મુલતવી રાખવા સંબંધી, રસ્તા સંબંધી, વગેરે લોકોની ફરિયાદ સાંભળી, તેમની અડચણ દૂર કરવાનું કામ પણ તેમનું છે. જિલ્લાના તેના કદ પ્રમાણે પાંચ, સાત કે તેથી વધુ ભાગ પાડી તે દરેકને તાલુકો નામ આપવામાં આવ્યું છે. તાલુકો નાનો હોય, તો તે મહાલ કહેવાય છે. તાલુકાના ઉપરીને **મામલતદાર,** ને મહાલના ઉપરીને **મહાલકારી** કહે છે. તેઓ પોતાના તાબાના ભાગનું મહેસુલ એકઠું કરી કલેકટરને મોકલવાનું, નાના ગુનાનો ઇન્સાફ કરવાનું, તથા સામાન્ય દેખરેખ રાખવાનું કામ કરે

છે. ઇન્સાફ કરવાનું કામ કરે છે, તેથી તે **માજિસ્ટ્રેટ** પણ કહેવાય છે. તેમના હાથ નીચે એક બે ગામ વચ્ચે **તલાટી** હોય છે. તે મહેસુલ ઉઘરાવી તેમને પહોંચાડવાનું કામ કરે છે. **મહેસુલ સંબંધી કામકાજ કરનાર આ ખાતું રેવન્યુખાતું કહેવાય છે.**

- રેવન્યુખાતા સિવાય જિલ્લાનાં મુખ્ય કામોના નીચે પ્રમાણે વિભાગ પાડવામાં આવ્યા છે.

પોલિસખાતું:—ચોર લુંટારાને પકડવા, તથા ગુના થતા અટકાવવા માટેનું આ ખાતું છે. આખા જિલ્લાની પોલિસના કામ પર નજર રાખનાર પોલિસ સુપ્રિન્ટેન્ડન્ટ નામે અમલદાર છે. તેમના હાથ નીચે પોલિસ ઇન્સ્પેકટરો અને સબ ઇન્સ્પેકટર, તેમના હાથ નીચે જમાદાર (હેડ કોન્સ્ટેબલ), નાયક વગેરે નાના પોલિસ અમલદારો હોય છે. દરેક ગામમાં એક મુખી (પોલિસ પટેલ) હોય છે. તે પોતાના ગામમાં કંઈ ગુનો થાય તો પોતાના તાલુકાના સબ ઇન્સ્પેકટરને જાહેર કરે છે. આખા જિલ્લાના ફોજદારી ગુનાનો ચુકાદો આપવા માટે એક જડજ હોય છે.

દિવાની ખાતું:—લેણદેણના કજીઆ સાંભળી તેનો ચુકાદો આપવાનું કામ આ ખાતાનું છે. આ કામ કરવાને દરેક તાલુકામાં એક **મુન્સફ** નામે અધિકારી હોય છે. તાલુકો નાનો હોય તો બે તાલુકા વચ્ચે એક મુન્સફ હોય છે.

કેળવણી ખાતું:—આ ખાતું છોકરાંને કેળવણી આપવાનું કામ કરે છે. આખા જિલ્લાની નિશાળો ઉપર દેખરેખ રાખનાર **ડેપ્યુટિ એજ્યુકેશનલ ઈન્સ્પેકટર** નામના અમલદાર છે, તેમના કામમાં મદદ કરવાને તેમના હાથ નીચે **આસિસ્ટંટ ડેપ્યુટિ એજ્યુકેશનલ ઈન્સ્પેકટરો હોય છે.**

બાંધકામ ખાતું—સરકારી મકાનો, જાહેર રસ્તા વગેરે બંધાવવાનું તથા સમરાવવાનું કામ કરનાર ખાતું બાંધકામ ખાતું કહેવાય છે. આ ખાતાના જિલ્લાના ઉપરી **ઇજનેર** કહેવાય છે. તેમના હાથ નીચે દરેક તાલુકામાં **ઓવરસીઅર** હોય છે.

સુખાકારી ખાતું:—લોકોને મફત દવા આપવાને તથા માંદાં માણસોની માવજત કરવાને જિલ્લાના મુખ્ય ગામે એક સરકારી દવાખાનું હોય છે. દરેક તાલુકામાં પણ તેના મુખ્ય ગામે એવુંજ દવાખાનું હોય છે. તેમાં સરકારના નીમેલા દાક્તરો દવા આપવાનું કામ કરે છે.

લોકલફંડ ખાતું:—સરકાર જમીનનું જે મહેસુલ લે છે, તે ઉપરાંત દર રૂપીએ એક આના પ્રમાણે વધારો લઇ એક ફંડ ઉભું કરવામાં આવે છે, તેને **લોકલફંડ** કહે છે. આ પૈસા લોકોના સુખને વાસ્તે જેમકે, કૂવા, તળાવ, રસ્તા વગેરે બંધાવવામાં તથા કેળવણી પાછળ ખરચવામાં આવે છે. ખાતાનો વહીવટ **લોકલબોર્ડ** નામનું મંડળ કરે છે. આ મંડળ લોકોના ચૂંટી કાઢેલા તથા સરકારના નીમેલા માણસોનું બનેલું હોય છે. કોઇ ગામે નિશાળ ઉઘાડવી કે બંધ કરવી, રસ્તા બંધાવવા વગેરે કામકાજ આ મંડળ કરે છે. દરેક તાલુકામાં આવું મંડળ હોય છે, તે **તાલુકા લોકલ બોર્ડ** કહેવાય છે. આખા જિલ્લા માટેનું આવું મંડળ **જિલ્લા લોકલ બોર્ડ** કહેવાય છે. દરેક બોર્ડ પોતાનામાંના એકને પ્રમુખ તરીકે ચૂંટી કાઢે છે; તે પ્રમુખની દેખરેખ હેઠળ મંડળ કામકાજ કરે છે.

પોસ્ટ ખાતું:—કાગળો, બેંગીઓ તથા પૈસા એક

જગાએથી બીજી જગાએ મોકલવાનું કામ પોસ્ટખાતું કરે છે. આ ખાતા સાથે સંબંધ ધરાવતું એક સેવિંગ બેંક નામનું ખાતું છે. એમાં ગમે તે માણસ પૈસા મૂકી શકે, અને જ્યારે જોઇએ ત્યારે પાછા લઈ શકે એવી ગોઠવણ હોય છે. ગરીબ લોકોને આ ખાતું બહુ ઉપયોગી છે. બે, ચાર કે તેથી વધુ ગામ વચ્ચે એક પોસ્ટ ઓફિસ હોય છે. તેનું કામ કરનાર **પોસ્ટ માસ્તર** કહેવાય છે. **સબ પોસ્ટ માસ્તર**ના ઉપરી **પોસ્ટ માસ્તર** હોય છે, અને પોસ્ટ માસ્તરના ઉપરી **પોસ્ટલ ઇન્સ્પેકટર** છે. પોસ્ટલ ઇન્સ્પેકટર આખા જિલ્લાના પોસ્ટ ખાતાના ઉપરી છે.

આ સિવાય આબકારી ખાતું, જંગલખાતું, શીતળા ખાતું વગેરે નાનાં મોટાં ઘણાં ખાતાં છે.

દેશી રાજ્ય:—જે ભાગ પર આપણા દેશના રાજાઓનું રાજ્ય છે, તે **દેશી રાજ્ય** કહેવાય છે. **ગુજ**રાતમાં રજપુત, **મ**રેઠા, **મુ**સલમાન, **પા**ટીદાર ને કોળી જાતના દેશી રાજાઓ છે. નાના રાજ્યના હિંદુ રાજા **દરબાર** કે **ઠાકોર** કહેવાય છે. આ બધાં રાજ્યો થોડે કે ઘણે અંશે અંગ્રેજ સરકારની સત્તા નીચે છે. રાજ્યની મોટાઇ ને લાયકાત પ્રમાણે દેશી રાજ્યોના પહેલો, બીજો એવા વર્ગ પાડી તેમને ઓછીવત્તી સત્તા આપેલી હોય છે. એ સત્તા મુજબ તેઓ પોતાના રાજ્યમાં રાજ્ય ચલાવે છે. દેશી રાજ્યોમાં સારૂં રાજ્ય ચાલે તે માટે તેમના પર નજર રાખવાને **ઘણાં રાજ્યો વચ્ચે** એક અમલદાર નીમેલો હોય છે. તે **પોલિટિકલ એજંટ** કહેવાય છે. આ એજંટો રાજાઓને સલાહ આપે છે, અને રાજાઓ રાજ્યમાં

સારો બંદોબસ્ત રાખે છે કે નહિ, તેની દેખરેખ રાખે છે. એ ઉપરાંત તેઓ રાજારજવાડામાંથી ખંડણી વસુલ કરી ગાયકવાડ, અથવા બીજા જે સંસ્થાનને ભરવાની હોય તેને ભરે છે. કોઇ રાજા, ઠાકોર, નવાબ વગેરે બાળકુંવરને મૂકીને મરી જાય છે, ત્યારે તેના સંસ્થાનનો હવાલો પોલિટિકલ એજંટ લે છે, અને સંસ્થાનનું કામ સંભાળથી ચલાવી મરનાર દેવું મૂકી ગયો હોય તે પતાવે છે. પોલિટિકલ એજંટ ઘણે ભાગે યુરોપિઅન હોય છે. **પોલિટિકલ એજંટની દેખરેખ નીચેના દેશી રાજ્યોના સમૂહને એજન્સિ કહે છે.** એજંસિ નાની હોય તો જુદો અધિકારી ન નીમતાં પાસેના કલેકટરને એજંટ તરીકેનું કામ સોંપવામાં આવે છે. **રેવાકાંઠા** અને **સુરત** એજંસિના એજંટ તરીકેનું કામ અનુક્રમે પંચમહાલ અને સુરત જિલ્લાના કલેકટર કરે છે.

* પહેલા અને બીજા વર્ગનાં દેશી રાજ્યો સિવાય બાકીનાં રાજ્યોમાં લેણદેણ સંબંધી કજીઆ,તથા મારામારીના કજીઆની અપીલો સાંભળવાનું, બીજાં રાજ્યો સાથેની તકરારનો નિકાલ કરવાનું તથા સુલેહશાંતિ જાળવવાનું સઘળું કામ **પોલિટિકલ એજંટ** કરે છે. વળી પોલિસના ઉપરી તરીકેનું કામ પણ તેમનુંજ છે.

---

* પહેલા અને બીજા વર્ગના રાજાઓને પોતાના રાજ્યમાં રાજ્ય ચલાવવાની પુરી સત્તા છે. તેઓ પોતાના રાજ્યમાં મોતની સજા અને ગમે તે ભારે રકમના દાવાનો નિકાલ કરી શકે છે. (બીજાં રાજ્યોમાં તેમના દરજ્જા પ્રમાણે હક આપેલા હોય છે.) રાજાઓ રાજ્યનું કામ કરવાને કારભારી કે દિવાન નીમે છે. તે રાજાના હુકમથી તેમની વતીનું સઘળું કામ કરે છે.

ગુજરાતમાં મોટામાં મોટું દેશી રાજ્ય **વડોદરાનું** છે. તેના પર દેખરેખ રાખવાને **અંગ્રેજ** સરકાર તરફથી એક જુદાજ અમલદાર નીમેલા છે, તે **રેસિડંટ** કહેવાય છે. તેમને માત્ર આ રાજ્ય પરજ દેખરેખ રાખવાની છે. વડોદરા સિવાય ગુજરાતમાં બીજું **ખંભાતનું** સંસ્થાન છે તેના એજંટ તરીકેનું કામ **ખેડા** જિલ્લાના કલેક્ટર કરે છે.

૩. **પરદેશી રાજ્યઃ**—જે મુલક પર **અંગ્રેજ** સરકારનું કે દેશી રાજાઓનુ રાજ્ય નથી, તે **પરદેશી રાજ્ય** કહેવાય છે. આવું રાજ્ય **દીવ** અને **દમણ** આ જગાએ છે. ત્યાં **વિલાયતથી** થોડે દૂર આવેલા **પોર્ટુગલ** દેશના **પોર્ટુગીઝ** લોકોનું રાજ્ય છે. પોર્ટુગીઝ લોકો **ફીરંગી** પણ કહેવાય છે.

ગુજરાત પ્રાંતના જેટલા ભાગ પર અંગ્રેજ સરકારની સત્તા છે, તે સઘળા પર દેખરેખ રાખવાને એક અમલદાર નીમેલા છે. તે અમલદાર **કમિશનર** કહેવાય છે. **કમિશનર સાહેબના હાથ નીચેના મુલકને વિભાગ કહે છે.** આપણો વિભાગ **સિંધ** વિભાગ બાદ કરતાં આખા **મુંબઇ** ઇલાકાની ઉત્તરે આવેલો હોવાથી **ઉત્તર વિભાગ** કહેવાય છે. **વડોદરા રાજ્ય તથા કાઠિઆવાડ અને પાલણપુર એજંસિ બાદ કરી આખો ગુજરાત પ્રાંત, તથા થાણા જિલ્લો ઉત્તર વિભાગમાં ગણાય છે.**

કમિશનર સિવાય વિભાગનાં મુખ્ય ખાતાં પર દેખરેખ રાખવાને બીજા મુખ્ય અધિકારીઓ પણ છે. નીચે જણાવેલા અધિકારીઓ તેની સામે જણાવેલા ખાતાના ઉપરી છે.

અધિકારીનું નામ	ખાતાનું નામ.
૧. એજ્યુકેશનલ ઇન્સ્પેક્ટર.	કેળવણી ખાતું.
૨. વડા ઇંજનેર.	બાંધકામ ખાતું.
૩. ડેપ્યુટિ કમિશનર.	સુખાકારી ખાતું.
૪. પોસ્ટલ સુપ્રિન્ટેન્ડન્ટ.	પોસ્ટ ખાતું.

ગુજરાતના રાજકીય વિભાગ:—

જિલ્લા	એજંસિઓ.
૧. અમદાવાદ જિલ્લો.	૧. પાલણપુર એજંસિ.
૨. ખેડા જિલ્લો.	૨. મહીકાંઠા એજંસિ.
૩. ભરૂચ જિલ્લો.	૩. રેવાકાંઠા એજંસિ.
૪. સુરત જિલ્લો.	૪. સુરત એજંસિ.
૫. પંચમહાલ જિલ્લો.	૫. કાઠિઆવાડ એજંસિ.

સંસ્થાન.

(૧). વડોદરા સંસ્થાન, અને (૨) ખંભાત સંસ્થાન.

અમદાવાદ જિલ્લો.


સીમા:--ઉત્તરે ગાયકવાડી મુલક ને મહીકાંઠા એજંસિ, દક્ષિણે ભાવનગરનું રાજ્ય, પૂર્વે ખંભાતનો અખાત, ખંભાતનું રાજ્ય ને ખેડા જિલ્લો, તથા પશ્ચિમે કચ્છનું રણ ને કાઠિઆવાડ એજંસિ છે.

નદીઓ:--સાબરમતી, ખારી, મેશ્વો, વાત્રક, માજુમ, ભાદર, ભોગાવો ને હાથમતી.

સરોવર--નળ સરોવર. આ સરોવરનું પાણી ખારૂં છે.

હવાપાણી--ઉત્તર વિભાગના બીજા જિલ્લા કરતાં અહીં દરીઓ પાસે ન હોવાને લીધે તાપ તેમ ટાઢ અતિશય પડે છે. ઘોઘા તરફ દરીઓ નજીક હોવાથી તાપ ઓછો લાગે છે.

જમીન અને પાક:—અમદાવાદ જિલ્લો બધો એક જથે આવેલો નથી. બીજાં દેશી રાજ્યોને લીધે તે ઘણે ભાગે વહેંચાઇ ગયો છે. આખા જિલ્લાના કુદરતી ત્રણ વિભાગ



થઇ શકે. પહેલો **પ્રાંતીજ** ને **મોડાસાનો** પહાડી પ્રદેશ. તેમાં ડુંગરાળ ને રેતાળ જમીન છે. બીજો મધ્ય વિભાગ. એમાં **વીરમગામ, દસક્રોઇ, ધોળકા,** ને **ધંધુકા** તાલુકાનો

તથા **સાણંદ** મહાલનો સમાવેશ થાય છે. એના પૂર્વ ભાગમાં ધોળી રેતાળ, ને પશ્ચિમ ભાગમાં કાળી માટીની જમીન છે. ત્રીજો વિભાગ **ઘોઘા** તાલુકાનો છે. એમાં કાળી ડુંગરાળ જમીન છે. **સામાન્ય રીતે જિલ્લાના જમીન બે જાતની છે. પશ્ચિમ ભાગમાં કાળી અને પૂર્વ ભાગમાં ગોરાડુ.** તેમાં બાજરી, ડાંગર, જુવાર, કઠોળ, વાલ અને કપાસ પાકે છે. **ધોળકા** તાલુકાનો દક્ષિણ ભાગ અને **ધંધુકા** તાલુકાનો પૂર્વ ભાગ **ભાલ** કહેવાય છે. તેમાં ઘઉં સારા થાય છે.

વસ્તી:—૮,૯૦,૯૧૧ માણસની છે.

તાલુકા:—(૧) **ઉત્તરદસક્રોઈ** (૨) **દક્ષિણદસક્રોઇ** (૩) **વીરમગામ** (૪) **પ્રાંતીજ** (૫) **ધોળકા** (૬) **ધંધુકા.**


પેટામહાલ—(૧) **સાણંદ** (૨) **મોડાસા** ને (૩) **ઘોઘા.**

જાણવાલાયક સ્થળ:—

અમદાવાદ—*(૨,૭૪,૦૭) ગુજરાત **પ્રાંત**માં સૌથી મોટામાં મોટું અને વેપારમાં આગળ પડતું શહેર છે. **અહમદશાહ** બાદશાહે વસાવેલું હોવાથી **અહમદાબાદ** કે **અમદાવાદ** એવું નામ પડયું છે. અસલથી **ગુજરાતની** રાજધાની અહીં હોવાથી તથા હાલ પણ ઉત્તર વિભાગની રાજધાનીનું શહેર હોવાથી એને **રાજનગર** પણ કહે છે. શહેરને ફરતો કોટ છે. જુમામસીદ, ભદ્રનો કિલ્લો, શાહ

* કૌસમાં મૂકેલા આંકડા વસ્તીના છે. તે નવા વસ્તીપત્રક પ્રમાણે છે. એ આંકડા ગોખાવવાના નથી; માત્ર શહેરોની એક બીજા સાથે સરખામણી કરવા માટેજ છે.

આલમનો રોજો, સીદી સૈયદની મસીદ, દાદાહરિની વાવ, માતરભવાનીની વાવ, કાંકરીઉં અને ચંડોળા તળાવ વગેરે જોવા લાયક જગાઓ છે. સુતરાઉ કાપડ વણવાનાં, દીવાસળી, કાગળ તથા બરફ બનાવવાનાં વગેરે ઘણી જાતનાં કારખાનાં આ શહેરમાં છે. લોકોનો મુખ્ય ઉદ્યોગ રેશમી,



શાહઆલમનો રોજો.

સુતરાઉ ને કસબી કાપડ વણવાનો હોવાથી એમ કહેવાય છે, કે **"અમદાવાદ ત્રણ તાર પર જીવે છે."**

વીરમગામ–(૨૬,૨૬૨) **વીરમગામ** તાલુકાનું મુખ્ય ગામ છે. શહેરને ફરતો પાંચ દરવાજાવાળો કોટ છે. અનાજ અને રૂના વપારને માટે જાણીતું છે. શહેરમાં કપાસ લોઢવાનાં કારખાનાં, કાપડ વણવાનાં કારખાનાં તથા સિ-

સિદ્ધરાજની મા મીનલદેવીએ બંધાવેલાં મીનલસર કે મુનસર અને ગંગાસર એ બે તળાવો વગેરે જોવા લાયક છે.

ધોળકા—(૧૨,૫૧૩) ધોળકા તાલુકાનું મુખ્ય ગામ છે. જ્યાં પાંડવો છુપા રહ્યા હતા, તે વૈરાટ નગર અસલ આ શહેરની જગાએ હતું એમ લોકો માને છે. સિદ્ધરાજની મા મીનલદેવીએ બંધાવેલું મલાવ તળાવ તથા ખાન નામના મુસલમાને બંધાવેલું ખાન તળાવ એ જોવા લાયક જગાઓ છે. અહીંથી દાડમ, જમરૂખ, સૂંઠ વગેરે બહાર ગામ જાય છે.

સરખેજ—આ ગામ ઉત્તર દસક્રોઈ તાલુકામાં આવેલું છે. અમદાવાદ વસાવનાર અહમદશાહના દોસ્ત શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષની કબર અને રોજો છે. એ આશરે સાડાચારસો વરસ ઉપર બંધાયો છે. ગુજરાતનો બાદશાહ મહંમૂદ બેગડો અહીં ઘણી વાર રહેવા આવતો. તેણે એ રોજા પાસે એક તળાવ અને મહેલ બંધાવ્યાં હતાં. તે હાલ ભાંગીતૂટી હાલતમાં છે. અહમદ ખટ્ટુ ગંજબક્ષની કબર પાસે મહંમૂદ બેગડાની અને તેની બેગમની કબરો છે. એ કબરોની કોતરણી ઘણી ઉમદા છે.

ખારાઘોડા—વીરમગામ તાલુકામાં આ ગામ આવેલું છે. અહીં કુવાના પાણીથી સરકારની દેખરેખ હેઠળ મીઠું પકવવામાં આવે છે. એ મીઠું વરાગડું કહેવાય છે. પ્રથમ અહીં ખારોપાટ હતો, અને ઝાડપાન કંઇ હતાં નહિ, પણ હાલ કેટલાંક ઝાડ ઉછેર્યાં છે. કુવાનું પાણી ખારૂં હોવાથી લોકો તળાવનું પાણી પીવાના કામમાં લે છે.

વૌઠા—ધોળકા તાલુકામાં ધોળકા ગામથી અગ્નિ

ખુણામાં વૌઠા આવેલું છે. અહીં સાત નદીઓ એકઠી થાય છે. કારતકી પુનેમે મોટો મેળો ભરાય છે.

ઘોઘા—(૪,૧૮૬) ઘોઘા મહાલનું મુખ્ય ગામ છે. અહીં સરકારી નિશાળો, કચેરીઓ, ખ્રિસ્તી મિશન ખાતું અને તેમની નિશાળો વગેરે મકાનો છે. ખંભાતના અખાત પર બંદર છે, અને તે વહાણો લાંગરવાને આખું વર્ષ અનુકૂળ છે. અહીંથી ઇશાને એક દીવાદાંડી છે, તે ૧૦ માઇલ દૂરથી દેખાય છે.

આ સિવાય ધંધુકા, વટવા, પીરાણા, અડાલજ વગેરે જાણવા લાયક ગામ છે. વટવા અને પીરાણામાં રોજા તથા અડાલજની વાવ જોવા લાયક છે.


ખેડા જિલ્લો.

સીમાઃ—ઉત્તરે મહીકાંઠા એજંસિ, અમદવાદ જિલ્લો અને વડોદરા સંસ્થાનનું દહેગામ પરગણું છે. પૂર્વે અને દક્ષિણે મહી નદી તથા પશ્ચિમે સાબરમતી નદી આવેલી છે.

નદીઓઃ—સાબરમતી, મહી, વાત્રક, મેશ્વો, શેઢી, ખારી અને મહોર.

જમીન અને પાકઃ—જિલ્લાની ઉત્તર અને દક્ષિણ દિશાની જમીન ટેકરાટેકરીવાળી છે. ઇશાન સરહદની જમીન કાળી છે, અને તે પડતર રહેવાથી ત્યાં મોટું ઘાસનું બીડ છે. આ ભાગ માળ નામથી ઓળખાય છે. માળમાં જિલ્લાના જુદા જુદા ભાગમાંથી ઘણા લોકો ખેતી કરવા માટે ગએલા છે, અને ડાંગર તથા કપાસ પકવે છે. પશ્ચિમ દિશા તરફ ક્યારીની કાળી જમીન છે, તેમાં ડાંગર ને ઘઉંનો પાક થાય છે. જિલ્લાના મધ્ય ભાગની જમીન

ગોરાડુ છે અને તે ફળદ્રૂપ છે. આ ભાગ ચરોતરના નામથી ઓળખાય છે. તેમાં તમાકુ, વરિઆળી ને જીરૂ, તથા બાજરી, કઠોળ, તલ વગેરે અનાજ પાકે છે. ચરોતર ઝાડપાનથી ભરપુર હોઇ બાગ જેવો સુંદર છે.



વસ્તી:—૭,૧૦,૯૮૨ માણુસની છે.

તાલુકા:—(૧) કપડવણજ (૨) ઠાસરા (૩)નડિઆદ (૪)મહેમદાવાદ (૫) માતર (૬) આણંદ (૭) બોરસદ.

જાણવા લાયક સ્થળ:—

નડિઆદ—(૩૧,૯૩૯) ખેડા જિલ્લામાં સૌથી મોટું ને વેપારમાં આગળ પડતું શહેર છે. શહેરમાં સરકારી કચેરીઓ, હાઈસ્કૂલ, સંતરામનું મંદિર વગેરે જોવા લાયક જગાઓ છે. શહેર બહાર પશ્ચિમ દિશાએ મિશન ખાતા તરફથી ચાલતું દવાખાનું છે, ત્યાં ઘણે દૂરથી લોકો દવા કરાવવા સારૂ આવે છે.

મહેમદાવાદ:—(૬,૨૩૮) ગુજરાતના બાદશાહ મહંમૂદ બેગડાએ આ શહેર વસાવ્યું હતું, અને પોતાના નામ પરથી શહેરનું નામ મહેમદાવાદ રાખ્યું હતું. મહંમૂદ-શાહે બંધાવેલો **ભમરીઓ કુવો** અને રોજારોજી નામથી ઓળખાતી કબરો જોવા લાયક છે. ભમરીઆ કુવામાં ચારે બાજુએ ભોંયરાં છે, ને તેમાં ઉતરવાને પગથીઆં છે. એમ કહેવાય છે કે આ કુવામાંથી એક ભોંયરૂં ઠેઠ અમદાવાદ સુધી જતું હતું, પણ હાલ સરકારે તે પુરાવી નાખ્યું છે. વળી મહંમૂદશાહે વાત્રક નદી પર બે મહેલ બંધાવ્યા હતા, જે **ચાંદા સુરજના** નામથી જાણીતા છે. હાલમાં તો તે પડી ગયા છે, પણ તેમની નિશાનીઓ જોવામાં આવે છે.

ખેડા:—(૮,૨૭૭) જિલ્લાની રાજધાનીનું શહેર વાત્રક અને શેઢી નદીના સંગમ પર આવેલું છે. કલેકટર, આસિ-સ્ટંટ કલેકટર વગેરે જિલ્લાના મુખ્ય અધિકારીઓ અહીં રહે છે. અસલ અહીં લશ્કરી છાવણી તથા તોપખાનું રાખ-વામાં આવતું, પણ હાલ તો છાવણી ડીસે લઇ જવામાં આવી છે, તેથી કાંપમાં છુટાં છવાયાં ખાલી મકાનોજ માત્ર છે.

×**કપડવણજ**—(૧૪,૭૯૪) અસલના વખતમાં અહીં કાપડનો બહોળો વેપાર ચાલતો, તે પરથી ગામનું નામ કપડવણજ પડયું છે. અહીં વહોરા લોકની વસ્તી વધારે છે. અહીંના ઘણા વહોરાઓ મુંબઈમાં મોટા વેપારીઓ છે. ગામમાં કાચ અને સાબુ બનાવવાનો ધંધો ચાલે છે. તાલુકાનું મુખ્ય ગામ હોવાથી સરકારી કચેરીઓ, પોસ્ટ ઓફિસ, દવાખાનું વગેરે મકાનો, સિદ્ધરાજે બંધાવેલો કુંડ અને વાવ, તથા ટાવર, એ જોવા લાયક જગાઓ છે.

લસુંદ્રાઃ—કપડવણજ તાલુકામાં આવેલું છે. આ ગામની પાસે ટાઢા ઉના પાણીના દસ બાર કુંડ છે. તેમાંના પાણીમાં ગંધકની વાસ આવે છે, ને તે ચામડીનાં દરદોને ઘણું ફાયદાકારક છે.

ડાકોર—(૭,૯૯૦) ઠાસરા તાલુકામાં આવેલું છે. અહીં રણછોડજીનું મોટું મંદિર છે. આસરે ૮૦૦ વર્ષ ઉપર બોડાણો નામનો ભક્ત દ્વારકાથી રણછોડજીની મૂર્તિ અહીં લાવ્યો હતો. દરેક મહીનાની પુનેમે ત્યાં મેળો ભરાય છે. આસો અને કારતક મહીનાની પુનેમે ઘણા મોટા મેળા ભરાય છે, અને તે વખતે દેશપરદેશથી ઘણા હિંદુઓ ત્યાં દર્શન કરવા આવે છે. ગામમાં ગોમતી નામનું એક મોટું ને સુંદર તળાવ છે.

વડતાલઃ—નડિઆદ તાલુકામાં નડિઆદથી આસરે આઠેક માઇલ દૂર આ ગામ આવેલું છે. આ ગામ સ્વામિનારાયણ ધર્મના આચાર્યની ગાદીનું મથક હોવાથી ત્યાં

× કેટલાક કહે છે કે એનું અસલ નામ કપટપુર હતું વળી કેટલાક કબર પાંચ ઉપરથી કપડવણજ એવું નામ પડયું એમ પણ કહે છે.

મોટું જોવા લાયક મંદિર છે. ત્યાં **ચૈત્ર સૂદી નવમી-રામનવમી** અને કારતકી પુનેમે મેળો ભરાય છે.

આણંદ—(૧૧,૦૫૪) તાલુકાનું મુખ્ય ગામ તથા મોટું ×જંકશન સ્ટેશન છે. સ્ટેશન પર સરકારી કચેરીઓ તથા પ્રેમચંદ રાયચંદની બંધાવેલી ધર્મશાળા જોવા લાયક છે.

આ સિવાય **મહુધા,માતર,ઉમરેઠ** વગેરે મોટાં ગામો છે.

પંચમહાલ જિલ્લો.

નામ પડવાનું કારણ—જિલ્લો પાંચ મહાલ કે પરગણાંનો બનેલો હોવાથી તેનું નામ પંચમહાલ પડયું છે.

સીમા—ઉત્તરે અને પૂર્વે **રેવાકાંઠા** એજંસિ, દક્ષિણે ગાયકવાડનો મુલક તથા પશ્ચિમે ગાયકવાડનો મુલક અને મહી નદી છે.

પર્વતઃ—પાવાગઢ.


નદી—મહી.

જમીન અને પાક—ગુજરાતના બીજા ભાગો કરતાં આ જિલ્લામાં વરસાદ વધારે પડે છે. રેવાકાંઠા એજંસિને લીધે આ જિલ્લાના બે ભાગ પડેલા છે. (૧) **ઈશાન તરફનો** ને (૨) **નૈઋત્ય તરફનો.**

ઈશાન ભાગ ટેકરાટેકરીવાળો મુલક, નૈઋત્ય તરફનો ભાગ ઉત્તર ને દક્ષિણ દિશાએ ઉંચો નીચો, અને મધ્યમાં સપાટ જમીન સારી ફળદ્રૂપ છે. જિલ્લાની જમીન મુખ્યત્વે કરીને બે જાતની છે.

× જયાં આગગાડીના રસ્તા મળે છે તે જગા જંકશન કહેવાય છે.

૧. કાળીઃ ૨. ગોરાડુ. કાળી જમીનમાં કપાસ, ચણા ને મકાઈ તથા ગોરાડુ જમીનમાં બાજરી, જુવાર, અને કઠોળનો પાક થાય છે. અનાજમાં મકાઈ આ જિલ્લાનો



મુખ્ય પાક છે. ડુંગરો પર સાગ, વાંસ, સીસમ, અને મહુડાનાં ઇમારતી ઝાડો થાય છે. ગોધરીઆ સાગ નામથી

ઓળખાતો સાગ, તથા મહુડાનાં લાકડાં આ જિલ્લામાંથી આખા પ્રાંતમાં જાય છે.

ખનીજ:—જિલ્લો ટેકરાટેકરીવાળો હોવાથી બીજા જિલ્લા કરતાં અહીં ખનીજ વધારે નીકળે છે. હાલોલ પાસેની ટેકરીઓમાંથી લોઢું અને મેંગેનીઝ નીકળે છે. તે ખોદી કાઢવાનું કામ નારૂકોટ સંસ્થાનના શિવરાજપુર ગામ પાસે એક યુરોપીઅન કંપનિ કરે છે.

વસ્તી:—૩,૭૪,૮૬૦ માણસની છે. ભીલ, નાયકડા, કોળી વગેરે જંગલી લોકોની આ જિલ્લામાં ઘણી વસ્તી છે.

તાલુકા:—(૧) ગોધરા (૨) કાલોલ અને (૩) દાહોદ.

મહાલ:—(૧) ઝાલોદ ને (૨) હાલોલ.

જાણવા લાયક સ્થળ:—

ગોધરા:—(૨૬,૯૭૯) પંચમહાલ જિલ્લાના કલેકટરનું સદર સ્ટેશન છે. શહેરની પાસે 'ગોદ્રક' કે 'ગોધરક' નામનું તળાવ છે, તે પરથી તેનું નામ ગોધરા પડયું છે. ઇમારતી અને બાવળનાં લાકડાંના વેપારનું મુખ્ય મથક છે. શહેરમાં સરકારી કચેરીઓ, દવાખાનું, હાઈસ્કૂલ અને તેની સાથેની બોર્ડિંગ તથા મુસાફરી બંગલો વગેરે મકાનો આવેલાં છે.

ચાંપાનેર:—આ શહેર હાલોલ તાલુકામાં આવેલું છે. વનરાજ ચાવડાના ચાંપા નામના પ્રધાને વસાવ્યું હતું, તેથી ચાંપાનેર નામ પડયું છે. પતાઈ રાવળ નામના હિંદુ રાજા પાસેથી મહંમૂદ બેગડાએ એ શહેર જીતી લઈ ત્યાં પોતાની રાજધાની કરી હતી, અને તેને કિલ્લા, મહેલો, મસીદો, ને

આગથી શોભાવ્યું હતું. હાલ તો પ્રાચીન મકાનોમાં ખંડેરો, અને થોડાં આછાં આછાં ઘર સિવાય ત્યાં બીજું કંઈ નથી.

પાવાગઢ:—ગુજરાતનાં જોવા લાયક સ્થળોમાંનું આ સ્થળ મુખ્ય છે. આ પર્વત પંચમહાલ જિલ્લાની દક્ષિણે હાલોલ મહાલમાં આવેલો છે. ચાંપાનેરના કોટ પાસેથી એના પર ચઢવાનો રસ્તો આવેલો છે. તળેટીથી ટોચ પર જ્યાં કાળકા માતાનું દહેરૂં આવેલું છે, ત્યાં સુધીનું અંતર લગભગ ત્રણ માઇલ છે. પર્વત પરનો ડુંગરી કિલ્લો ખાસ જોવા જેવો છે. આ કિલ્લો જોવાથી આપણા દેશની પ્રાચીન કારીગરીનો કંઇક ખ્યાલ આવે છે. પવત પર કલ્લા સિવાય રાણીઓને શિકારી રમત જોવા માટે બાંધેલો સાત માળવાળો મહેલ, ખાપરાઝવેરીનો મહેલ, નાગર હવેલી, માંચી હવેલી, મકાઈ કોઠાર, નવલખ કોઠાર, દૂધીઉં તળાવ, જૈન લોકોનાં દહેરાં અને કાળકા માતાનું દહેરૂં એ જોવા લાયક જગાઓ છે.

દાહોદ:—(૧૬,૨૭૬) દાહોદ તાલુકાનું મુખ્ય ગામ છે. માળવા અને ગુજરાત આ બે ભાગની સરહદ પર આવેલું હોવાથી **દોહદ** કે **દાહોદ** એવું નામ પડયું છે. અહીં ઔરંગઝેબ બાદશાહનો જન્મ થયો હતો. તાલુકાનું મુખ્ય ગામ હોવાથી સરકારી કચેરીઓ, મુસાફરી બંગલો, વગેરે મકાનો આવેલાં છે. શહેરની નજીકમાં છાબ નામનું તળાવ છે. એમ કહેવાય છે કે અસલના વખતમાં થઈ ગએલા **દધિચી**× નામના ઋષિ અહીં થઇ ગયા છે. તેમના નામ

× દધિચી ઋષિ વિષે એમ કહેવાય છે, કે અસલના વખતમાં વૃત્રાસુર નામનો રાક્ષસ દેવોને બહુ પીડતો. આથી દેવો તથા તેમના

પરનાં દધિમતિ નામની નદી તથા દૂધેશ્વર મહાદેવનું દહેરૂં, આ બે જગાઓ આવેલી છે. હાલ તો દહેરાનાં માત્ર ખંડેરજ છે.

હાલોલ:—(૩,૮૧૦) હાલોલ નામના પેટામહાલનું મુખ્ય શહેર છે. પહેલાં એ ચાંપાનેરનું પરૂં હતું. અહીં હાલુર નામના એક સુથારે સુંદર બાગ બનાવ્યો હતો. તેની યાદગીરીમાં તેનું નામ હાલોલ પાડવામાં આવ્યું છે. એના નૈઋર્ત્ય કોણમાં અર્ધો માઇલ છેટે ચંદ્રકળા વાવ—અહેમદાવાદમાં ભમરીઓ કુવો છે તેવી—તથા ઇશાન કોણમાં એક મોટો હોજ આવેલો છે.

ટુવા:—ગોધરા તાલુકાનું ગામ છે. ત્યાં ઉના પાણીના કુંડ છે.

કાલોલ તથા ઝાલોદ અનુક્રમે કાલોલ તાલુકો અને ઝાલોદ મહાલનાં મુખ્ય ગામો છે.

ભરૂચ જિલ્લો.

સીમા—ઉત્તરે મહી નદી, દક્ષિણે સુરત જિલ્લો, પૂર્વે વડોદરાનું રાજ્ય અને પશ્ચિમે ખંભાતનો અખાત આવેલો છે.

રાજા ઇંદ્ર તેના ત્રાસથી બચવાનો ઉપાય પૂછવા વિષ્ણુ ભગવાન પાસે ગયા. વિષ્ણુ ભગવાને કહ્યું, કે જો દધિચી ઋષિના હાડકાંનું હથિયાર બનાવીને રાક્ષસને મારવામાં આવે તો તે મરે. આથી બધા દેવો ઋષિ પાસે આવ્યા. ઋષિ તેમના આવવાનું કારણ સમજી ગયા અને "આ મારો દેહ શા કામનો છે," એમ કહી તેમણે જીવતાં પોતાના શરીરમાંથી હાડકાં કાઢી આપ્યાં એટલે ઋષિ મરી ગયા. દેવોએ હાડકાંનું હથિયાર બનાવી વૃત્રાસુરને માર્યો ને સુખીથયા.

નદીઓ—મહી, ઢાઢર, નર્મદા, કીમ.

દીવાદાંડી—જિલ્લાના વાગરા તાલુકાના નૈર્ઋત્ય



ખુણામાં આવેલા લુહારા આગળ, અને જંબુસર તાલુકાના નૈર્ઋત્ય ખુણામાં આવેલા દેવજગન આગળ, આવતાં જતાં

વહાણો ખડક સાથે અથડાઇ ભાગી જાય નહિ, એટલા માટે દીવાદાંડી બાંધેલી છે.

જમીન અને પાક—જિલ્લાની જમીન કાળી અને ગોરાડુ આ બે જાતની મુખ્ય છે. બારા આગળની કાળી જમીન ખારવાળી છે, તેમાં ઘઉં થાય છે. હાંસોટ મહાલમાં હાંસોટી અને બીજા કાઠા આ બે જાતના ઘઉં આ જિલ્લામાં પાકે છે. નર્મદા નદીના ભાઠાની કાળી જમીન ફળદ્રૂપ છે, ને તેમાં તમાંકુનો પાક સારો થાય છે. ઉત્તર દિશા તરફની તથા ઇશાન ખુણા તરફની કાળી જમીનમાં કપાસનો પાક થાય છે. આ ભાગ **કાનમ** નામથી ઓળખાય છે. બાકીની ગોરાડુ તથા બીજી જમીનમાં બાજરી, જુવાર કઠોળ વગેરે પકવવામાં આવે છે. અનાજમાં જુવાર એ આ જિલ્લાનો મુખ્ય પાક છે.

વસ્તી—(૩,૦૭,૭૪૫) માણુસની છે.

તાલુકાઃ-(૧) **ભરૂચ**, (૨) **અંકલેશ્વર**,(૩) **વાગરા**, (૪) **આમોદ**, (૫) **જંબુસર**.

મહાલ-હાંસોટ.

જાણુવા લાયક સ્થળઃ—

ભરૂચ-(૪૨,૬૪૮) જિલ્લાનું મુખ્ય ગામ નર્મદા નદીને કિનારે આવેલું છે. એમ કહેવાય છે કે આ શહેર ભૃગુઋષિએ વસાવ્યું હતું, તેમના નામ પરથી તે ભૃગુકચ્છ કે ભરૂચ કહેવાય છે. શહેર *પાઘડીપને વસેલું છે. અસલ

* લંબાઈ વધારે ને પહોળાઈ ઓછી હોય, તે પાઘડીપનો કહેવાય. ભરૂચ શહેરની લંબાઈ ૨॥ માઇલ, અને પહોળાઇ ફક્ત ૰॥ માઈલજ છે.

આ શહેરનો વેપાર પરદેશનાં મોટાં મોટાં બંદરો સાથે ચાલતો. બીજાં સારાં બંદર ચઢતીમાં આવ્યાં તેને લીધે તે પડી ભાગ્યો છે. છતાં "ભાગ્યું ભાગ્યું પણ ભરૂચ" આ કહેવત પ્રમાણે હાલ પણ શહેરમાં કપાસ લોઢવાનાં ૬ જીન, ૫ છાપખાનાં, ૪ મિલો વગેરે કારખાનાં ચાલે છે. ભરૂચ જિલ્લામાં કપાસનો પાક થતો હોવાથી ત્યાંથી ઘણો કપાસ બહારગામ જાય છે. શહેરમાં સરકારી ઓફિસો, મ્યુનિસિપલ ઓફિસ, જ્યુબીલી ટાવર વગેરે મકાનો તથા ભૃગુઋષિની વાડી, મોહનબાગ, કિશોરબાગ વગેરે બીજી જોવા લાયક જગાઓ છે.

શુક્લતીર્થ—ભરૂચ તાલુકામાં નર્મદા નદીને ઉત્તર કિનારે આ શહેર આવેલું છે, અને તે મોટું જાત્રાનું સ્થળ છે. અહીં ૐકારેશ્વર મહાદેવનું દહેરૂં છે, અને દર કારતકી પુનેમે ત્યાં મોટો મેળો ભરાય છે. એની નજીકમાં નર્મદા નદીના બેટ પર **કબીરવડ** નામનો એક મોટો વડ છે. આ વડ એટલો મોટો છે કે તેની નીચે ૭૦૦૦ માણસો સુખેથી બેસી શકે. એ વડ વિષે એવી દંતકથા છે કે કબીર નામના સાધુએ ત્યાં દાતણની ચીરી ખોસેલી, તે ફૂટીને એ વડ થયો છે.


ભાડભૂત–ભરૂચ તાલુકામાં નર્મદા નદીને ઉત્તર કિનારે ભરૂચથી ૮ માઇલ દૂર આવેલું છે. ત્યાં ભાડભૂતેશ્વર મહાદેવનું દહેરૂં છે. અધિક ભાદરવા મહીનામાં ભાડભૂતેશ્વરની જાત્રા કરવા ઘણા માણસો આવે છે. જાત્રા આખો મહીનો ચાલે છે.

અંકલેશ્વર—(૧૧,૭૬૨) અંકલેશ્વર તાલુકામાં આવેલું છે. અંકલેશ્વર અને ભરૂચ વચ્ચે નર્મદા નદીનો મોટો પૂલ

જોવા લાયક છે. ગુજરાતમાં સૌથી મોટો પૂલ આ છે. નાંદોદથી લાકડાં, વાંસ, મીણ, મધ વગેરે જંગલની પેદાશ તથા કપાસ અહીં આવે છે.

ગંધાર—વાગરા તાલુકામાં આવેલું છે. અસલ આ બંદરનો દરીઆમાર્ગે ભરૂચ બંદર સાથે સારો વેપાર ચાલતો, પણ હાલ તે પડી ભાગ્યો છે. અહીં ઘણા જુના વખતનું

નર્મદા નદીનો પૂલ.
બાંધવા માંડ્યો. તા.૭-૧૨-૧૮૭૭
પૂરો થયો. તા.[illegible]-૫-૧૮૮૧



જીર્ણ થઇ ગએલું શ્રાવક લોકોનું એક દહેરૂં છે. તેમાં એક ધોળા પત્થરની તથા તેની આજુબાજુ એકેક કાળા પત્થરની મળી સંગેમરમરની કુલ ત્રણ મૂર્તિઓ છે. કહે છે કે દરેક મૂર્તિનું વજન ૧૦૦ મણ જેટલું હશે.

હાંસોટ—હાંસોટ મહાલનું મુખ્ય ગામ છે. કશ્યપઋષિના કુળમાં ઉત્પન્ન થએલા હંસે બ્રહ્માનું વાહન થવા અહીં તપ કરેલું, તે પરથી આ ગામનું નામ હંસેશ્વર પડેલું. હાલ તે હાંસોટ નામથી ઓળખાય છે.

આ સિવાય જંબુસર, ટંકારીઆ, દેહેજ, વાગરા વગેરે ગામો આવેલાં છે.

ટંકારીઆ અને દેહેજ બંદરો છે.

સુરત જિલ્લો.

સીમા:–ઉત્તરે કીમ નદી, દક્ષિણે દમણગંગા નદી, પૂર્વે ગાયકવાડનું રાજ્ય અને પશ્ચિમે અરબી સમુદ્ર આવેલો છે.

પર્વતો:—મોતા અને પારનેરા. પારનેરાનો ડુંગર ૬૦૦ ફુટ ઉંચો છે. અસલ આ ડુંગર પર એક કિલ્લો હતો, અને તેની તળેટીમાં વાઘવરૂના રહેઠાણવાળું જંગલ હતું. હાલ તે કાપી નાખવામાં આવ્યું છે.

નદીઓ:—તાપી, મીંઢોળા, પૂર્ણા, અંબિકા, દમણગંગા, પાર અને કીમ.

જમીન અને પાક:—જિલ્લાની પૂર્વ સરહદનો ભાગ ડુંગરાળ અને જંગલોથી ભરપુર છે. આ ભાગ સાંકડો છે ને ઉત્તર દક્ષિણ આવેલો છે. બાકીનો ભાગ વિશાળ મેદાન છે. મેદાનના દરીઆકિનારાના ભાગ પર ઘણી જગાએ રેતીના ટેકરા છે, અને તે ભાગ ખેતી માટે નકામો છે.


ખેતીના કામમાં આવે એવી જમીનમાં આ જિલ્લાની જમીન મુખ્યત્વે કરીને બે જાતની છે; કાળી અને ગોરાડુ. કાળી જમીનમાં ડાંગર, જુવાર, કપાસ અને શેરડી, તથા ગોરાડુ જમીનમાં નાગલી, કોદરા, અને કઠોળ વગેરે ધાન્ય પાકે છે.

વસ્તી:—૬,૭૪,૩૫૧ માણુસની વસ્તી છે.

તાલુકા:—(૧) ઓરપાડ (૨) માંડવી (૩) ચોર્યાસી (૪) બારડોલી (૫) જલાલપુર (૬) ચીખલી (૭) વલસાડ (૮) પારડી.

મહાલઃ—વાલોડ.

જાણવા લાયક સ્થળઃ—



સુરતઃ—(૧,૧૭,૪૩૪ આ શહેર ચોર્યાસી તાલુ-કામાં તાપી નદીને કાંઠે આવેલું છે. એમ કહેવાય છે કે

અસલ આ શહેરની જગાએ **સૂર્યપુર** નામનું એક નાનું ગામડું હતું. કેટલાક વખત પછી ગોપી નામનો એક હિંદુ ત્યાં આવીને વસ્યો, અને તેણે આબાદ કર્યું, ને પોતાની સ્ત્રી **સુરતાના** નામ પરથી શહેરનું નામ **સુરત** પાડયું. અસલ આ શહેર વેપારને માટે ઘણું નામીચું હતું, અને પશ્ચિમ હિંદમાં મોટું બંદર ગણાતું. તેનો વેપાર ઈરાન, અરબસ્તાન, આફ્રિકા અને યુરોપનાં બંદરો સાથે ધમધોકાર ચાલતો. યુરોપના વતનીઓ હિંદમાં વેપાર કરવા આવ્યા ત્યારે **વલંદા**, **ફ્રેંચ**, અને **અંગ્રેજ** વેપારીઓએ અહીં વખાર ઘાલી હતી. તે અરસામાં **સુરત** શહેરની દોલતથી લોભાઇ **શિવાજીએ** બે વખત એ પર હુમલો કર્યો હતો. વખત જતાં વેપાર કમી થતો ચાલ્યો, અને આબાદી ઘટતી ચાલી. છતાં હાલ પણ ત્યાંનું સુતરાઉ અને રેશમી કાપડ તથા જરીનું કામ ઘણું વખણાય છે. વળી જમણ માટે લાંબા વખતથી અહીંની પ્રજા શોખીન છે. કહેવત છે કે "**કાશીનું મરણ અને સુરતનું જમણ.**" શહેરમાં કિલ્લો, ટાવર, સરકારી કચેરીઓ, હિંદુ અને જૈન લોકોનાં દહેરાં, પારેખ હુન્નરશાળા, મ્યુનિસિપલ હોલ, ગોપી તળાવ, રાણીનો બાગ, જુમામસીદ, દરીઆમહેલ, નવાબની વાડી વગેરે જોવા લાયક જગાઓ આવેલી છે.

વલસાડ:—(૧૯,૮૨૨) વલસાડ તાલુકાનું મુખ્ય ગામ ને **ઔરંગા** નદી પર બંદર છે. ઈમારતી અને બાળવાનાં લાકડાં, અનાજ, ગોળ, અને ઈંટો બહારગામ જાય છે. ડાંગ અને **ધરમપુરના** જંગલનાં બધાં લાકડાં આ બંદરેથી કાઠિઆવાડનાં બંદરોએ જાય છે.

તીથલ:—વલસાડ તાલુકામાં વલસાડની પાસે બે માઇલ પર દરીઆકિનારે આવેલું છે. તે હવા ખાવાનું સ્થળ છે. અગાઉ ગોરા લશ્કરને અહીં હવાફેર માટે લાવતા. હાલ લશ્કર આવતું નથી, પણ અમલદારો તથા **અ**મદાવાદ ને **મું**બઇના ઘણા શ્રીમંતો ઉનાળામાં અહીં આવી વસે છે.

બહુધાન:—માંડવી તાલુકામાં તાપી નદીને કાંઠે જાત્રાનું સ્થળ છે. ત્યાં બાર વર્ષે (સિંહસ્થના વર્ષમાં) જાત્રા ભરાય છે.

હજીરા:—**તા**પી નદીના મુખ પર જમણે કિનારે ઓરપાડ તાલુકામાં હવા ખાવાનું સ્થળ છે. આ ગામનું નામ ઢઉ છે, પણ ત્યાં વૅાકસ સાહેબનો હજીરો એટલે કબર છે, તેથી હજીરા એવું નામ પડયું છે. એની નજીકમાં દીવાદાંડી છે, એ દીવાદાંડીમાં ફાનસો સળગે છે, તેનું અજવાળું ડુમસના કિનારા પરથી દેખાય છે. હજીરામાં એક હિંદુની ને એક પારસીની એમ બે ધર્મશાળા છે.

ઉદવાડા:—**પા**રડી તાલુકામાં આ ગામ આવેલું છે. ને **પા**રસી લોકના જુના **આ**તશ **બ**હેરામના દહેરાને—મોટી અગિઆરીને--માટે પ્રખ્યાત છે. **સં**જાણમાંથી **આ**તશ લાવીને અહીં રાખેલા છે, તેથી ઘણા પારસીઓ જાત્રા માટે આવે છે.

રાંદેર:—(૧૦,૫૪૭). **ચો**ર્યાસી તાલુકામાં તાપી નદીને જમણે કિનારે **સુ**રતની સામે આ શહેર આવેલું છે. ત્યાંનાં **રાં**દેરી બોર વખણાય છે.

થાણા જિલ્લો.

સ્થળ:—ઉત્તર વિભાગની છેક દક્ષિણે આ જિલ્લો આવેલો છે.

પર્વત:—સહ્યાદ્રિ.

જમીન અને પાક:—પશ્ચિમ તરફનો દરીઆકિનારાનો પ્રદેશ નીચો અને ફળદ્રૂપ છે, અને પૂર્વ તરફનો પ્રદેશ સહ્યાદ્રિ આવેલો છે તેથી પહાડી છે. કિનારા તરફના ફળદ્રૂપ પ્રદેશમાં શેરડી, કેળાં, પાન, આદુ, નાળિએર વગેરે પાકે છે, અને પશ્ચિમ તરફના ભાગમાં ડાંગરનો પાક થાય છે. કારણ એ કે વધારે વરસાદ અને પથરાવાળી જમીન એટલે તેમાં ડાંગર સિવાય બીજો પાક થઇ શકતો નથી.

વસ્તી....(૭,૫૯,૯૧૬) માણસની છે અને તેઓની ભાષા **મરાઠી** છે. પશ્ચિમના પહાડી પ્રદેશમાં જંગલી લોકોની વસ્તી વધારે છે.

તાલુકા:—ડાહાણું, **માહીમ**, **વસઇ**, **સાષ્ટી**, ભીંવડી **વાડે**, **શાહપુર**, **સુરવાડ** અને **કલ્યાણ**.

જાણવા લાયક સ્થળો:—

૧. **થાણા:**—(૨૨,૬૩૯) જિલ્લાનું મુખ્ય ગામ **સાષ્ટી** બેટમાં આવેલું છે. **મુંબઇ**ની પાસે આવેલું હોવાને લીધે કેટલાક લોક ત્યાં રહી દરરોજ **મુંબઇ** આવજા કરે છે.

૨. **વસઇ:**—(૧૦,૩૬૬) તાલુકાનું મુખ્ય ગામ છે. ત્યાં પાન, શેરડી, કેળાં વગેરે થાય છે.

૩. **બોરીવલી**—સ્ટેશનથી દોઢ માઇલ પર **કેનેરી** ગુફા જોવા લાયક છે.

૪. **કલ્યાણ:**—(૧૭,૮૨૯) ઘણું જુનું શહેર છે.

મહીકાંઠા એજન્સિ.

નામ પાડવાનું કારણ:—**મહી** નદીના નામ પરથી આ એજંસિનું નામ **મહીકાંઠા** પડેલું છે.

સીમા:—ઉત્તરે **આબુના** ડુંગરો, પૂર્વે **મેવાડનું** રાજ્ય અને **રેવાકાંઠા** એજંસિ, દક્ષિણે **અમદાવાદ** ને **ખેડા** જિલ્લો, તથા પશ્ચિમે **પાલણપુર** એજંસિને **ગાયકવાડનું** રાજ્ય આવેલું છે.

પર્વત:—**આબુ.**

નદીઓ:—**સાબરમતી, સરસ્વતી, વાત્રક, હાથમતી, ખારી, મેશ્વો** અને **માજુમ.**

દેખાવ અને ઋતુ:—આ એજંસિનો ઉત્તર અને પૂર્વ સરહદનો ભાગ ડુંગરોથી છવાએલો છે. આ ડુંગરવાળા ઉંચા ભાગની હવા વધારે ઠંડી છે, અને બાકીના ભાગની ગુજરાતના બીજા ભાગના જેવીજ છે.

જમીન અને પાક:—એજંસિનો ઘણો ભાગ ડુંગરાળ હોવાને લીધે માત્ર પોણા ભાગની જમીનમાં ખેતી થાય છે, ને બાકીની જમીન પડતર રહે છે. ખેડાણ કરવા લાયક જમીન મુખ્યત્વે કરીને ત્રણ જાતની છે. ગોરાડુ, રેતાળ ને કાળી. ઘઉં, ચણા, ડાંગર, જુવાર, બાજરી, કઠોળ અને કપાસ એ આ એજંસિનો મુખ્ય પાક છે.

ડુંગરાળ જમીનમાં નાનાં મોટાં ઘણાં જંગલો આવેલાં છે. તેમાં ખેર, સીસમ, ટીંબર, વાંસ વગેરે ઉપયોગી ઝાડ થાય છે. કોઈક સ્થળે—ગઢવાડા, દાંતા ને ઇડર સંસ્થાનમાં—સુખડનાં ઝાડ પણ થાય છે

ખનીજ:—ઇમારતી પત્થર, ઘંટીનો પત્થર, આરસપહાણ, ચકમકનો પત્થર વગેરે ઘણી જાતના પત્થરો, તથા અબરખ અને ખડી આ એજંસિમાંથી પુષ્કળ નીકળે છે.

વસ્તી:—૪,૫૦,૪૭૮ માણસની છે. આ એજંસિ

પ્રાંતના છેક ખુણા પર આવેલી છે, તેથી તથા તેમાં ઘણા ડુંગરો ને જંગલો આવેલાં હોવાથી વસ્તી ઓછી છે. ડુંગરી ભીલ લોકોની વસ્તી વધારે છે.

રાજ્યવહીવટ:—આ એજંસિનાં સંસ્થાનો પર દેખરેખ રાખવાને અંગ્રેજ સરકાર તરફથી એક અંગ્રેજ અધિકારી નીમેલા છે, તે **પોલિટિકલ એજંટ** કહેવાય છે.

આ એજંસિના છ ભાગ પાડેલા છે, તે પરગણાં કહેવાય છે.

પરગણાનું નામ.	મુખ્ય સંસ્થાનો.
૧. નાની **માર**વાડ	દાંતા, **ઇડર**, ને **માલ**પુર.
૨. રેવર.	**મો**હનપુર.
૩. **સા**બરકાંઠો.	**મા**ણસા અને **પે**થાપુર.
૪. **વા**ત્રકકાંઠો.	**આ**મલીઆરા ને **ઘો**ડાસર.
૫. **બા**વીસી.	**વા**સણા, **મ**હીસા ને **ડ**ભોડા.
૬. **ક**ટોસણ.	**ક**ટોસણ, **જો**ટાણા ને **સાં**થળ.

જાણવા લાયક સ્થળ:—

ઇડર:—(૪,૯૭૯) ઇડરના રાજ્યમાં આવેલું છે. ઈડરના રાજ્યની રાજધાની અસલ આ શહેરમાં હતી. શહેરની આસપાસ ગોળ બુરજોવાળો મજબુત કોટ છે. કોટની નજીક શહેરને વીંટળાએલો એક ડુંગર છે. શહેરમાં સરકારી કચેરીઓ, નિશાળો તથા ત્રિપોળીઓ નામે પત્થરથી બાંધેલો મોટો ટાવર, એ જોવા લાયક જગાઓ છે. ટાવર ઉપર ચારે દિશાએ જોઈ શકાય એવું એક મોટું ઘડિઆળ છે. વળી ટાવરના મકાનમાં લાયબ્રેરી છે. શહેર બહાર વાદળ મહેલ, જુવાનવિલાસ વગેરે રાજમહેલો, બાગો તથા જુના વખતનો એક ઘણો મજબુત

ગઢ જોવા લાયક છે. આ ગઢ પહાડ ઉપર આવેલો હોઈ "**ઈડર ગઢ**" ના નામથી જાણીતો છે. આ ઇડરગઢ એવો મજબુત-અજીત છે કે ભારે કામ સફળ થાય તો "**ઇડરીઓ ગઢ લીધો**" એવી લોકોમાં કહેવત ચાલે છે. ગઢ ઉપર જૈનોનાં તથા હિંદુઓનાં દહેરાં તથા "**રણમલની ચોકી**" અને "**રૂઠી રાણીનો માળીઓ. શોકાતુર રાણીનો મહેલ**–"નામથી ઓળખાતી ઇમારતો જોવા લાયક છે.

અમનગર—ઇડરના રાજ્યની રાજધાનીનું શહેર હાથમતી નદીને કિનારે આવેલું છે. ગુજરાતના **અહ**મદશાહ બાદશાહે આ શહેર વસાવ્યું હતું, અને અહીં પોતાની રાજધાની કરવાનો વિચાર હતો. શહેરને ફરતો કોટ છે સરકારી કચેરીઓ, બાદશાહી વખતનાં જીર્ણ થઇ ગએલાં મકાનો અને તેમાંનું ઉત્તમ કોતરકામ, તથા મહારાજા સાહેબે તદન પત્થરથી બાંધેલો ઈંગ્લિશ ફેશનનો મહેલ જોવા લાયક છે. શહેરની નજીકમાંથી ઇમારતી પત્થર નીકળે છે.

સાદરા:—મહીકાંઠા એજંસિનું સદર સ્ટેશન છે. અહીં દેશી તથા યુરોપીઅન લશ્કરની છાવણી છે. **અ**હમદશાહે બંધાવેલો મજબુત કિલ્લો, સ્કૂલો, સિવિલ હોસ્પિટલ, દરબારી ઉતારા, ઓફિસો, તથા તાલુકદારોના કુંવરોને કેળવણી આપવા માટે સ્થાપેલી **સ્કોટકોલેજ** વગેરે જોવા લાયક સ્થળો છે.

પેથાપુર:—સાબરમતી નદીને કાંઠે આવેલું છે. અહીંના બાંધણીના સાલ્લા જે "પેથાપુરની બાંધણી" કહેવાય છે તે વખણાય છે. પહેલાં અહીં જામગીરીવાળી બંદુકો સારી બનતી. હાલ પણ તરવાર, ભાલા, જમૈયા, છરી, ચપ્પુ વગેરે હથિયારો અને તાળાં વખાણવા લાયક બને છે.

ખેડબ્રહ્મા:—ઈડર સંસ્થાનમાં જાત્રાનું સ્થળ છે. એમાં ભૃગુ ઋષિનો આશ્રમ, **બ્રહ્માની** મૂર્તિ, (જે તદન રેતીની બનાવેલી છે.) **અંબાજી** માતાનું મંદિર વગેરે જોવા લાયક છે. **બ્રહ્માએ** પાપમુક્ત થવા માટે અહીં મોટો યજ્ઞ કર્યો હતો, અને પોતાની ચાર મુખવાળી મૂર્તિ સ્થાપન કરી હતી, તેથી આ સ્થળનું નામ **ખેડબ્રહ્મા** કે બ્રહ્માની ખેડ એવું પડયું એમ કહેવાય છે.

શામળાજી:—ઇડર સંસ્થાનમાં **મેશ્વો** નદીને કાંઠે જુનું પવિત્ર ધામ છે. એમાં **શામળાજી** એટલે શ્રી કૃષ્ણની મૂર્તિ છે. **મહાદેવજીનું** ભોંયરામાં આવેલું દેવાલય, અને બીજાં મંદિરો તથા ૧૦૧ બાળકો સાથે ગાંધારીની મૂર્તિ જોવાલાયક છે. ત્યાં કારતક સુદ પુનેમ ઉપર મોટો મેળો ભરાય છે.

કુંભારીઆ:—આ ગામ ચિતોડના કુંભા રાણાએ વસાવ્યું હતું. તેની પાસે **વિમળશાનાં** બંધાવેલાં જૈનોનાં દહેરાં છે.

દાંતા:—દાંતા સંસ્થાનની રાજધાનીનું શહેર છે. દાંતાનું રાજ્ય અંબા માતાના દહેરા તથા એમાં આવેલા આરાસુર પહાડને લીધે પ્રખ્યાત છે. દહેરાની આવક રાજ્યમાં જમા થાય છે. ત્યાંનો રાજા પરમાર રજપુત છે.

રેવાકાંઠા એજંસિ.

નામ પાડવાનું કારણ—રેવા એટલે **નર્મદા** નદીના નામ પરથી આ એજંસિનું નામ **રેવાકાંઠા** એજંસિ પડેલું છે.

સીમા:—ઉત્તરે **મહીકાંઠા** એજંસિ, પૂર્વે **પંચમહાલ** જિલ્લો અને **મધ્ય હિંદુસ્તાન**, દક્ષિણે **ગાયકવાડનું** રાજ્ય,

અને પશ્ચિમે **ભરૂચ**, **ખેડા** ને **પંચમહાલ** જિલ્લો તથા **ગાયકવાડનું** રાજ્ય આવેલાં છે.

દેખાવ--આ એજંસિનો પૂર્વ તરફનો ભાગ તથા ઓરસંગ ને હેરણ નદીના પ્રદેશ સિવાયનો સઘળો મધ્ય ભાગ પહાડી છે. એકંદર જોતાં **વાડાસિનોર** અને **લુણાવાડાનો** પશ્ચિમ ભાગ તથા મેવાસનો ભાગ બાદ કરતાં એજંસિનો સઘળો પ્રદેશ પહાડી ને જંગલોથી ભરપુર છે. આ ભાગમાં 'પહાડ, પાણી ને પાંદડાં' સિવાય બીજું કંઇ જોવામાં આવતું નથી.

પર્વત--રાજપીપળા. આ પર્વત **સાતપુડા** પર્વતનો ભાગ છે. આ સિવાય પર્વતોની નાની મોટી ઘણી હારો આ મુલકમાં છે.

નદીઓ --**નર્મદા**, **કરજણ**, **ઓરસંગ**, **મહી**, **પાનમ**, **હેરણ**, વગેરે. દક્ષિણ **રેવાકાંઠા** નદીઓથી ભરપુર છે.

આબોહવા--આ એજંસિનો ઘણો ભાગ પહાડી અને જંગલોવાળો હોવાથી **ગુજરાતના** બીજા ભાગો કરતાં ત્યાં ઠંડી અને વરસાદ વધારે પડે છે, તથા હવાપાણી બીજા ભાગો કરતાં નબળાં છે. બહારના માણસોને તે માફક આવતાં નથી. પશ્ચિમના સપાટ પ્રદેશમાં હવાપાણી સારાં છે. પશ્ચિમના સપાટ પ્રદેશ કરતાં પૂર્વના પહાડી પ્રદેશમાં શિઆળામાં વધારે ઠંડી, ઉનાળામાં ઓછી ગરમી, અને ચોમાસામાં વધારે વરસાદ પડે છે.

જમીન અને પાક--ડુંગરાળ અને જંગલવાળા ભાગો બાદ કરતાં **રેવાકાંઠાની** જમીન રસાળ કહી શકાય તેવી છે, અને કુલ જમીનના આશરે પાંચમા ભાગની

છે. તેમાં મકાઇ, ડાંગર, જુવાર, બાજરી, કોદરા વગેરે ધાન્ય, તુવેર, મઠ, ચણા વગેરે કઠોળ, તથા તલ, દીવેલી, કપાસ વગેરે પાકે છે.

જંગલોમાં મહુડા, તાડ, સાગ, વાંસ, ખેર અને ખાખરા વગેરે અનેક જાતનાં ઝાડો થાય છે, તથા મધ, મીણ અને લાખ પુષ્કળ મળી આવે છે,

ખનીજઃ—ડુંગરોમાં ઇમારતી પથરા, અબરખ, લોઢું અને મેંગેનીઝ વગેરે ખનીજો મળી આવે છે. ઝઘડીઆ તાલુકાના રતનપુર ગામ પાસેથી *અકીકના પત્થર નીકળે છે.

વસ્તીઃ—૭,૫૩,૦૫૮ માણસની છે. વસ્તીનો ઘણો ભાગ ભીલ, કોળી, નાયકડા, ધાણુકા વગેરે જંગલી લોકોની છે.

રાજ્યવહીવટ—આ એજંસિ પર **પંચમહાલ** જિલ્લાના કલેક્ટર દેખરેખ રાખે છે. તેઓ એજંસિના પોલિટિકલ એજંટ કહેવાય છે.

સંસ્થાનોઃ—(૧) **રાજપીપળા** (૨) **છોટાઉદેપુર** (૩) **બારૈયા** (૪) **લુણાવાડા** (૫) **સૂંથ ને** (૬) **વાડાસિનોર.**

સંસ્થાનોના સમૂહઃ—(૧) **સંખેડા મેવાસ ને** (૨) **પાંડુ મેવાસ.**

રાજપીપળા **લુણાવાડા** ને **સૂંથ**ના રાજ્યકર્તા મહારાણા, **છોટાઉદેપુર** ને **બારૈયા**ના રાજ્યકર્તા મહારાવળ, અને **વાડાસિનોર**ના રાજ્યકર્તા નવાબ કહેવાય છે. **સંખેડા મેવાસ** ને **પાંડુ** મેવાસનાં ગામોમાં તાલુકદાર ઠાકોરનો અમલ છે

---

* આ પત્થર ખંભાત મોકલવામાં આવે છે. ત્યાં તેનાં એરીંગ ચાક, વીંટી, ઘડિઆળના અછોડા વગેરે વસ્તુઓ બને છે.

ને તેનો વહીવટ અંગ્રેજ સરકાર ચલાવે છે.

જાણવા લાયક સ્થળ:—

૧. **નાંદોદ**—(૧૧,૦૯૪) રાજપીપળાની રાજધાની છે, અને રેવાકાંઠામાં સૌથી મોટું શહેર છે. એમાં દરબારી હવેલી, હર્ષદી માતા (રાજકુળ દેવી) નું મંદિર, છત્ર-વિલાસ મહેલ, ઘડિઆળનો મિનારો, રાજ્યકચેરીઓ, લાયબ્રેરી વગેરેનાં મકાનો તથા લક્ષ્મીનારાયણ, રણછોડજી, હનુમાન વગેરેનાં મંદિરો જોવાલાયક છે,

સુરપાણ અને મોખડીઘાટ—સુરપાણમાં શૂલ-પાણીશ્વર મહાદેવનું દહેરૂં છે, અને દર વરસે ચૈત્ર વદ અમાસે ત્યાં મોટી જાત્રા ભરાય છે.

સુરપાણથી બે ગાઉ દૂર **મોખડીનો** ઘાટ આવે છે. સો ફુટ ઊંચેથી નદીનો ધોધ પડે છે. તેનો અવાજ ચાર ગાઉ દૂરથી સંભળાય છે. આ ધોધ સુરપાણનો ધોધ કહેવાય છે.

છોટાઉદેપુર:—**છોટાઉદેપુર** સંસ્થાનનું મુખ્ય શહેર છે. અહીં રાજાનો મહેલ, નિશાળ, દવાખાનું વગેરે જોવા-લાયક જગાઓ છે.

દેવગઢબારીઆ:—બારીઆનું મુખ્ય શહેર છે. રાજાનો મહેલ, કિલ્લો, દવાખાનું વગેરે જોવા જેવાં મકાનો છે.

લુણાવાડા:—(૯,૯૫૬) લુણાવાડા સંસ્થાનનું મુખ્ય શહેર છે. એમાં રાજાનો મહેલ, સરસ્વતી મંદિર, કચેરીઓ, જેલ, ઘડિઆળનો મિનારો, ફતેહબાગ, લૂણેશ્વર તથા વિશ્વેશ્વર મહાદેવનાં દહેરાં, નાથાબાવાનો મઠ વગેરે જોવા જેવી જગાઓ છે.

વીરપુર:—**વાડાસિનોર** સંસ્થામાં આ ગામ આવેલું

છે. આ શહેર ઘણું પુરાતન છે. એમાં એક જુનો કિલ્લો છે. એની નજીકમાં એક ટેકરી પર દરીઆશા પીરનો મોટો જોવાલાયક રોજો છે. અહીં વરસોવરસ મોટો **ઓરસ** ભરાય છે.

વાડાસિનોરઃ—વાડાસિનોર સંસ્થાનનું મુખ્ય શહેર છે. અહીં નવાબનો મહેલ, ઘડિઆળનો મિનારો, દવાખાનું તળાવ તથા તે પર આવેલો બંગલો વગેરે જોવાલાયક જગાઓ આવેલી છે.

પંચમહાલ એજંસિ

આ એજંસિને હાલ રેવાકાંઠા એજંસિ સાથે જોડી દીધી છે. અહીંના રાજ્યકર્તા નાયક કહેવાય છે. રાજધાનીનું ગામ નારૂકોટ છે. એનું બીજું ગામ જાંબુઘોડા છે.

સુરત એજંસિ.

જમીન, પાક અને ઋતુઃ—આ એજંસિની જમીન ઘણે ભાગે કાળી છે, અને તેમાં ડાંગર, જુવાર, કપાસ, નાગલી, કોદરા ને કઠોર પાકે છે. **ધરમપુર** અને **વાંસદા** સંસ્થાનોની હવા જંગલોને લીધે ખરાબ છે, પણ **સચીન** સંસ્થાનની હવા સારી છે.

વસ્તીઃ-(૧,૭૯,૭૫૪) માણસની છે.

નદીઓઃ-કાવેરી, અંબીકા ને દમણગંગા.

રાજ્યવ્યવસ્થાઃ—આ એજંસિ પર દેખરેખ રાખવાનું એટલે ત્યાંના **પોલિટિકલ એજંટ** તરીકેનું કામ **સુરત જિલ્લાના કલેકટર** કરે છે.

સંસ્થાનઃ—(૧) વાંસદા, (૨) ધરમપુર, (૩)

સચીન ને (૪) ડાંગ. **વાંસદા** અને **ધરમપુરમાં** હિંદુ રાજાનું ને **સચીનમાં** મુસલમાન રાજાનું રાજ્ય છે.

જાણવા લાયક સ્થળ:--

૧. **વાંસદા**--(૩,૪૯૮) **વાંસદા** સંસ્થાનની રાજધાનીનું ગામ છે. શહેરમાં રાજાનો મહેલ જોવા લાયક મકાન છે.

૨. **ઉનાઇ**—આ ગામમાં માતાજીનું તથા **રામચંદ્રજીનું** મંદિર અને ઉના પાણીના કુંડ છે. દર વરસે ચૈત્રી પુનેમે ત્યાં મોટો મેળો ભરાય છે.

૩. **ધરમપુર**—(૬,૨૨૩) ધરમપુર સંસ્થાનની રાજધાનીનું શહેર છે. અહીંના રાજકર્તા રાણા કહેવાય છે. ગામમાં દરબારી મહેલ જોવા જેવો છે.

૪. **સચીન**:—(૧,૦૪૪) સચીન સંસ્થાનની રાજધાનીનું ગામ છે. ત્યાંના રાજ્યકર્ત્તા નવાબ કહેવાય છે. તેઓ જાતે હબસી મુસલમાન છે.

૫. **ડુમસ**:—સચીન સંસ્થાનમાં **સુરતથી** આસરે ૧૦ માઇલ દૂર દરીઆ કિનારે આવેલું છે. તે હવા ખાવાનું સ્થળ છે. **સુરતથી, અમદાવાદથી** અને **મુંબઇથી** ઘણા પૈસાદાર લોકો ઉનાળામાં અહીં હવા ખાવા સારૂ આવે છે.

પશ્ચિમ હિંદનાં રાજ્યો.

કાઠિઆવાડ.

સીમા:—ઉત્તરે કચ્છનું રણ, પૂર્વે **અમદાવાદ જિલ્લો** અને **ખંભાતનો** અખાત, દક્ષિણે અરબી સમુદ્ર ને પશ્ચિમે કચ્છનો અખાત આવેલો છે.

દેખાવ:—કાઠિઆવાડ એ **અરબી** સમુદ્રની અંદર બહાર પડતો એક મોટો દ્વીપકલ્પ છે. એની આખી સપાટી ડુંગરવાળી છે, ને કિનારાનો ભાગ રેતાળ છે. મધ્યનો ભાગ વધારે ઉંચો હોઇ ચારે દિશાએ ઢાળ પડતો છે. મધ્યના આ ઉંચા **પ્રદેશ**માંથી પુષ્કળ નદીઓ નીકળે છે, ને ચારે દિશા તરફ વહે છે.

પર્વત:-ગીરનાર, શેત્રુંજો ને બરડો.

નદીઓ:—ભાદર, શેત્રુંજી, મચ્છુ, ઓઝાત, આજી, વઢવાણનો ભોગાવો, લીમડીનો ભોગાવો ને સુકભાદર.

જમીન, પાક અને ઋતુ:—

કાઠિઆવાડના કિનારાની જમીન રેતાળ ને મધ્યભાગ ડુંગરાળ છે. મધ્યના ડુંગરાળ પ્રદેશની દક્ષિણે ભાદર ને શેત્રુંજી નદી વચ્ચેની જમીન સૌથી સારી છે. આ દ્વીપકલ્પને ગુજરાતના બીજા ભાગ સાથે જોડનારી સાંકડી પટી જે **નળ** નામે ઓળખાય છે, તેના નિચાણના ભાગમાં ડાંગર પાકે છે. ઝાલાવાડમાં **ભાલ** નામથી ઓળખાતા ભાગની જમીન કાળી છે, ને તેમાં ઘઉં તથા કપાસ પાકે છે. વાયવ્ય ખુણા તરફનો ભાગ રેતાળ ને ઉજ્જડ છે. સામાન્ય રીતે કાઠિઆ-વાડનો મુખ્ય પાક ઘઉં, કપાસ, ડાંગર, બાજરી, જુવાર, કઠોળ ને તેલીબીઆં વગેરેનો છે.

દરીઆ પરના પવનને લીધે દરીઆકિનારા પર બહુ તાપ લાગતો નથી, પણ મધ્યમાં ઉનાળામાં તાપ વધારે લાગે છે. ગુજરાતના બીજા ભાગ જેવો અહીં વરસાદ

વરસતો નથી. બાબરીઆવાડમાં ઘણી ઝાડી હોવાથી ત્યાંનું પાણી સારૂં નથી.



વસ્તી:--કાઠિઆવાડની વસ્તી ૨૫,૩૮,૪૯૭ એટલે

*ઉત્તર વિભાગથી પોણી છે. તેમાં **ચાવડા**, **સોલંકી**, **જાડેજા**, **પરમાર**, કાઠી વગેરે રજપુત જાતો **અને** **મેમણ**, **મિઆંણા** વગેરે મુસલમાન જાતો જોવામાં આવે છે.

ધંધો-ઉદ્યોગ—લોકોનો મુખ્ય ધંધો ખેતી છે, પણ કેટલીક જગાએ સોનેરી કસબનું કામ, અતલસ, કીનખાબ, ગુલાલ, કંકુ, મીઠું વગેરે લોકો બનાવે છે, અને તે ઉપર પોતાનું ગુજરાન ચલાવે છે.

નિકાસ:-પોરબંદરી પત્થર, ઘી, રૂ, અને તેલીબીઆં કાઠિઆવાડની મુખ્ય નિકાસ છે.

રેલવે:—આજથી ચાળીસ વરસ ઉપર આ પ્રાંતમાં રેલવે દાખલ થઇ છે, ને તે બધી કાઠિઆવાડના રાજાઓએ બંધાવેલી છે.

૧. **ધ્રાંગધ્રાથી** **વઢવાણ**, **લીમડી**, **બોટાદ** ને **ધોળા** થઈ **ભાવનગર** જાય છે.

૨. **ધોળાથી** **જેતલપુર**, **ધોરાજી** ને **પોરબંદર** સુધી.

૩. **જામનગરથી** રાજકોટ, **ગોંડળ**, **જુનાગઢ** ને **વેરાવળ** સુધી.

૪. **રાજકોટથી** **વાંકાનેર** ને **વઢવાણ** થઇને **વીરમગામ** સુધી જાય છે. આ સિવાય બીજી નાની રેલવેઓ છે.

રાજ્યવ્યવસ્થા:—

આ પ્રાંતમાં નાનાં મોટાં મળી કુલ ૧૯૩ સંસ્થાનો છે. એમાંનાં **ભાવનગર**, **પોરબંદર**, **ગોંડળ** **ધ્રાંગધ્રા**,

---

* ઉત્તર વિભાગ (ખાલસા) મુલકની વસ્તી ૩૭,૦૮,૭૫૬ માણસની છે.

મોરબી, **નવાનગર**, **જુનાગઢ**, અને **જાફરાબાદ** પહેલા વર્ગનાં છે; **વાંકાનેર**, **પાલિતાણા**, ધ્રોળ, **લીમડી**, **રાજકોટ** ને **વઢવાણ** એ છ બીજા વર્ગનાં છે, અને બાકીનાં બધાં નાનાં છે. બધાં રાજ્યોની દેખરેખ સારૂ ગવર્નર જનરલ તરફનો ખાસ અમલદાર રાજકોટમાં રહે છે, અને તે અમલદાર **એજંટ ટુ ધ ગવર્નર જનરલ** કહેવાય છે. કાઠીયાવાડ ઉપરાંત કચ્છ અને પાલણપુર તેના કબજામાં છે. એના હાથ નીચે બીજા ચાર અમલદારો છે, અને તે દરેકને પોલિટિકલ એજંટ કહે છે. દરેકના તાબામાં કાઠિઆવાડનો એકેક પ્રાંત આપ્યો છે. કાઠિઆવાડના ચાર પ્રાંતનાં નામ **હાલાર**, **ઝાલાવાડ**, **ગોહીલવાડ** અને **સોરઠ** છે, અને **રાજકોટ**, **વઢવાણ** **સોનગઢ** અને **જેતલસર** એ અનુક્રમે પ્રાંતોના પોલિટિકલ એજંટનાં સદર સ્ટેશનો છે. કાઠિઆવાડ વગેરે બધી એજંસિઓના રાજા **ગાયકવાડ** અને **અંગ્રેજ** સરકારને ખંડણી આપે છે. **ગાયકવાડની** ખંડણી **અંગ્રેજ** સરકાર ઉઘરાવી તેમને રવાના કરે છે.

(૧) હાલાર પ્રાંત.

આ પ્રાંત કાઠિઆવાડની વાયવ્યમાં આવેલો છે. **હાલોજી** નામના રજપુત પરથી આ પ્રાંતનું નામ **હાલાર** પડયું છે.

મોટાં રાજ્યોઃ—(૧) નવાનગર (૨) **મોરબી** (૩) ગોંડળ (૪) **વાંકાનેર** (૫) **ધ્રોળ** ને (૬) **રાજકોટ**.

જાણવા લાયક સ્થળઃ—

૧. **નવાનગરઃ**—નવાનગરના રાજ્યની રાજધાનીનું

શહેર છે, અહીંના રાજ્યકર્ત્તા જાડેજા જાતના રજપુત છે, ને તે કાઠિઆવાડના જાડેજા રજપુતમાં શિરોમણિ ગણાય છે. તેઓ જામના નામથી ઓળખાય છે. આ રાજ્યની હદના દરીઆમાંથી સારાં પાણીદાર મોતી નીકળે છે. નવાનગર શહેર કાઠિઆવાડનાં સઘળાં ગામો કરતાં સુંદર છે. ત્યાંનું કંકુ, સુગંધી તેલ તથા રેશમી અને કસબી કાપડ વખણાય છે. શહેરમાં લખોટામહેલ, કોઠા, મંજુવાવ વગરે સારી જોવાલાયક જગાઓ છે. રાજાના નામ પરથી નવાનગર **જામનગરના** નામથી પણ ઓળખાય છે. તેમાં જૈન લોકોનાં ઘણાં સુંદર દહેરાં આવેલાં છે, અને તેથી તેને "**મંદિરોનું નગર**" પણ કહે છે.

૨. **મોરબી**—(૧૩,૧૧૫) **મોરબી** રાજ્યની રાજધાનીનું શહેર **મચ્છુ** નદી પર આવેલું છે. અહીંના રાજ્યકર્તા જાડેજા જાતના રજપુત છે. આ ગામની પાસે **મોરબી** નામનો ડુંગર હોવાથી તેનું આવું નામ પાડયું છે. શહેરમાં ઠાકોર સાહેબનો મહેલ, બાગ, દવાખાનું, **ઝૂલતો પૂલ**, વગેરે જોવા લાયક છે. પૂલની લંબાઈ ૬૨૫ ફુટ છે.

૩. **ગોંડળ**—(૧૭,૪૧૮) ગોંડળ સંસ્થાનની રાજધાનીનું શહેર છે. અહીંના રાજ્યકર્તા જાડેજા જાતના રજપુત છે. અહીં ગરાસીઆઓના કુંવરોને ભણવાની એક સ્કૂલ તથા હાઇસ્કૂલ છે.

૪. **રાજકોટ**—(૩૬,૦૫૭) રાજકોટ રાજ્યની રાજધાનીનું શહેર આજી નદી પર આવેલું છે. અહીં રાજકુમાર કોલેજ, આલફ્રેડ હાઈસ્કૂલ, ટ્રેનિંગ સ્કૂલ, કૈસરેહિંદ

નામનો આજી નદી પરનો પૂલ, યુરોપીઅન મુસાફરોને ઉતરવાનો મુસાફરી બંગલો, લેગ લાયબ્રેરી, વિક્ટોરિઆ જ્યુબિલી મ્યુઝિઅમ, વગેરે જોવા લાયક છે. શહેરની પાસેજ કેમ્પ છે; ત્યાંની હવા ઘણી સારી છે. ત્યાં કાઠિઆવાડ એજંસિના એજંટ ટુ ધ ગવર્નર જનરલ, અને હાલાર પ્રાંતના પોલિટિકલ એજંટ રહે છે.

આ સિવાય વાંકાનેર, ધ્રોળ, બાલાછડી વગેરે ગામો આવેલાં છે. વાંકાનેર વાંકી બાંધણીનું શહેર છે, તથા બાલાછડી હવા ખાવાનું સ્થળ છે. ત્યાં ઘણા યુરોપીઅનો હવા ખાવા સારૂ જાય છે.

(૨) ઝાલાવાડ.

કાઠિઆવાડની ઉત્તરે કચ્છના રણની અડોઅડ આ પ્રાંત છે. તેમાં ઝાલા જાતના રજપુતોનાં રાજ્યો હોવાથી ઝાલાવાડ એવું નામ પાડવામાં આવ્યું છે.

મોટાં રાજ્યો—(૧) **ધ્રાંગધ્રા** (૨) **વઢવાણ** ને (૩) **લીમડી.** આમાં ધ્રાંગધ્રા પહેલા વર્ગનું અને વઢવાણ ને લીમડી એ બે બીજા વર્ગનાં છે. આ સિવાય લખતર, સાયલા, ચુડા ને બજાણા વગેરે નાનાં રાજ્યો છે.

જાણવા લાયક સ્થળ:—

૧. **વઢવાણ**—(૧૯,૩૯૦) વઢવાણ રાજ્યની રાજધાનીનું શહેર ભોગાવો નદી પર આવેલું છે. અહીંના રાજકર્તા ઠાકોર કહેવાય છે. આ શહેર કાઠિઆવાડના રૂના વેપારનું સ્થળ છે, તથા ત્યાં સાબુ બનાવવાનું એક કારખાનું છે. ભોગાવો નદીને કાંઠે કેમ્પ છે, તેમાં લશ્કરી છાવણી છે, તથા તે પોલિટિકલ એજંટને રહેવાનું

સ્થળ છે. ત્યાં જેલ, નિશાળો, તાલુકદારી ગરાસીઆ સ્કૂલ તથા સરકારી અમલદારોની કચેરીઓ આવેલી છે. વઢવાણ ઘણું જુનું ઐતિહાસિક સ્થળ છે.

૨. **લીમડી**-(૧૧,૨૯૪) લીમડી સંસ્થાનનું મુખ્ય શહેર છે. અહીંના રાજકર્તા ઠાકોર કહેવાય છે. આ ગામની સુડીઓ વખણાય છે. તાર ઓફિસ, પોસ્ટ ઓફિસ, દવાખાનું વગેરે દરબારી મકાનો જોવા લાયક છે.

૩. **ધ્રાંગધ્રા**—(૧૭,૫૨૬) ધ્રાંગધ્રાના રાજ્યની રાજધાનીનું શહેર છે. અહીંના રાજ્યકર્તા રાજસાહેબ કહેવાય છે. રાજસાહેબનો મહેલ, રામ, કૃષ્ણ, રણછોડજી અને બળરામનાં દહેરાં જોવા લાયક છે. અહીંના પત્થર આખા ગુજરાતમાં મશહુર છે.

(૪) **મુળી**—સ્વામિનારાયણના મોટા મંદિર માટે આ ગામ જાણીતું છે.

(૩) ગોહીલવાડ.

આ પ્રાંત કાઠિઆવાડના અગ્નિ ખુણા તરફ આવેલો છે, અને ગોહીલ રજપુતો ઉપરથી તેનું નામ ગોહીલવાડ પડયું છે.

મોટાં રાજ્યો—(૧) ભાવનગર (૨) પાલિતાણા (૩) વળા ને (૪) લાઠી.

આમાં ભાવનગર પહેલા વર્ગનું અને પાલિતાણા બીજા વર્ગનું રાજ્ય છે.

જાણવા લાયક સ્થળો:—

૧. **ભાવનગર**—(૫૯,૨૯૨) ભાવનગર રાજ્યની રાજધાનીનું શહેર છે. આ શહેર ઇ. સ. ૧૭૪૨ માં ભા-

વસીંગજીએ વસાવ્યું હતું. તે કાઠિઆવાડમાં મોટામાં મોટું ને શોભીતું શહેર છે. આ શહેર મોટું બંદર છે. તેની આસપાસ કોટ છે. હાલમાં દરીઓ ત્યાંથી વેગળો ગએલો છે, તેથી ખાડી ખોદી નાનાં વહાણોને માટે માર્ગ કરેલો છે. અહીં એક દીવાદાંડી છે. દરબારી કચેરીનાં મકાનો, ઘડિઆળનો કોઠો, રાજમહેલ, મહાવિદ્યાલય (આર્ટસ કોલેજ) હાઇસ્કૂલ વગેરે જોવા લાયક મકાનો છે. ભાવનગર–ગોંડલ રેલવે થવાથી અહીંનો વેપાર ઘણોજ વધી પડયો છે. અહીં રૂ દાબવાના વરાળના પાંચ સંચા, એક રૂ કાંતવાનો સંચો ને કાપડ વણવાની એક મીલ પણ છે. અહીંના રાજ્યકર્તા મહારાજા કહેવાય છે,

૨. **પાલિતાણા**—(૧૨,૮૯૦) આ ગામની નજીક શેત્રુંજો નામનો ડુંગર છે. તેના ઉપર જૈન લોકોનાં પ્રખ્યાત દહેરાં હોવાને લીધે તે શ્રાવક લોકોનું જાત્રાનું ધામ છે.

૩. **મહુવા**—આ એક સારૂં બંદર છે. અહીંના વેપારીઓ ઘણા પૈસાદાર ને સાહસિક છે. અહીંથી મુંબઇ ઘણું રૂ જાય છે, ને વસાઈ, દમણ ને મલબાર કાંઠેથી ઈમારતી લક્કડ આવે છે. અહીંનાં રમકડાં વખણાય છે.

૪. **સિહોર**—અહીંનાં તાંબાપિત્તળનાં વાસણ વખણાય છે.

૫. **ગઢડા**—સ્વામિનારાયણના ધર્મનું મોટું જાત્રાનું ધામ છે.

સોરઠ પ્રાંત.

કાઠિઆવાડના નૈર્ઋત્ય ખુણા તરફ અરબી સમુદ્રને અડોઅડ આ પ્રાંત આવેલો છે. એનું અસલ નામ સૌરાષ્ટ્ર હતું, તે પરથી સોરઠ એવું નામ પડયું છે.

મોટાં રાજ્યો–જુનાગઢ, પોરબંદર ને જાફરાબાદ

આ ત્રણ પહેલા વર્ગનાં રાજ્યો છે.

જાણવા લાયક સ્થળો:—

૧. **જુનાગઢ** (૩૩,૨૨૧) જુનાગઢના રાજની રાજધાનીનું શહેર છે. અહીંના રાજા બાબી જાતના મુસલમાન છે, અને તે નવાબ કહેવાય છે. જુનાગઢ શહેર ફક્ત ગઢ નામથી આખા ગુજરાતમાં ઓળખાય છે. એ શહેર પહેલાં જીર્ણદુર્ગ કે જીરણગઢ કહેવાતું. મહાન્ ભક્તકવિ નરસિંહ મહેતા આ ગામના વતની હતા. શહેરમાં હાઈસ્કૂલ, મહાવિદ્યાલય, નવાબ સાહેબનો મહેલ, ઇસ્પિતાલ ને દરબારી મકાનો, નરસિંહ મહેતાનો ચોરો, મહમદ બેગડાની બંધાવેલી મસીદ વગેરે જોવા લાયક જગાઓ છે. શહેરની પાસે ગીરનાર નામનો પર્વત છે. તે હિંદુ અને જૈન લોકોનું જાત્રાનું ધામ છે. ગીરનાર પર્વત પર અશોકના કોતરાવેલા જુના લેખો છે.

૨. **સોમનાથ પાટણ**–(૮,૪૨૭) જુનાગઢના રાજ્યમાં દરીઆ પર આવેલું જુનું શહેર છે. તેને પ્રભાસપાટણ દેવપાટણ કે વેરાવળ પાટણ પણ કહે છે. ત્યાં સોમનાથ મહાદેવનું પ્રખ્યાત દેવાલય આજુબાજુનાં ખંડેરો પરથી જણાય છે. ત્યાં અગાઉ ઘણું મોટું પ્રાચીન દેવાલય હતું. આ દેવળનું ઉંચું શિખર આકાશમાં ડોકીઆં કરતું હતું, તેના ઉપર સોનાના કળશ હતા, અને ભગવી ધજા ફરફર ઉડતી હતી. દેવળને સીસાથી જડેલા સાગના છપ્પન થાંભલા હતા. એક અંધારા ઓરડામાં મૂર્તિ પધરાવેલી હતી; તે પાંચ હાથ ઉંચી હતી ને તેનો ઘેરાવો ત્રણ હાથ હતો. તે

મૂર્તિની પાસે ૨૦૦ મણ સોનાની સાંકળ લટકાવેલી હતી, અને તે સાંકળને નાની મોટી ઘંટડીઓ લટકાવેલી હતી. દરવાજે સુખડનાં સુંદર કારીગરીવાળાં કમાડ હતાં. દરેક ગ્રહણને દિવસે લગભગ એક લાખ હિંદુઓ જાત્રા માટે ભેગા થતા હતા, અને હિંદની કીમતી ચીજો મહાદેવને ભેટ ધરતા. આથી દેવાલયમાં ઘણું દ્રવ્ય એકઠું થયું હતું. વળી એવું કહેવાય છે કે ૧૨૦૦ માઇલ દૂર આવેલી પવિત્ર ગંગા નદીનું પાણી **સોમનાથ મહાદેવની** મૂર્તિને સ્નાન કરાવવાને દરરોજ લાવવામાં આવતું. હજારો બ્રાહ્મણો મહાદેવની પૂજા કરતા અને જાત્રાળુઓને કરાવતા. જાત્રાળુઓની હજામત કરવાને ૩૦૦ હજામો તો કામે વળગતા. દેવળને દરવાજે ૩૫૦ ગવૈયા ગાવાને બેસતા અને તે બધાને દરરોજ નક્કી કરેલો પગાર મળતો. આ પ્રમાણે **સોમનાથ મહાદેવની** જાહોજલાલી હતી. તે દેવળનો **મહમદ** ગિજનીએ ભીમદેવ રાજાના વખતમાં નાશ કર્યો. **મહમદ** ગિજનીએ ઇ. સ. ૧૦૨૪માં **સોમનાથ** પર ચઢાઈ કરી. તેણે મૂર્તિને ભાગી નાખી, દેવળ તોડી નાખ્યું અને પુષ્કળ દ્રવ્ય લૂંટી લીધું. પાછળથી કુમારપાળ નામના રાજાએ આ દેવળ સમરાવ્યું હતું.

૩. **પોરબંદર**:—(૨૮,૯૯૯) **પોરબંદર** સંસ્થાનની રાજધાનીનું શહેર ને દરીઆકિનારા પરનું બંદર છે. અહીંના રાજા જેઠવા જાતના રજપુત છે, અને તે રાણા કહેવાય છે. આ જગાએ સુદામાપુરી હતી એમ કહેવાય છે. અહીંથી મુંબઈ, સુરત, અમદાવાદ વગેરે જગાએ પત્થરો મોકલવામાં આવે છે.

જાફરાબાદ—નાનું મુસલમાન રાજ્ય જંજીરાના નવાબને તાબે છે.

વેરાવળઃ—(૧૯૩૬) અરબી સમુદ્ર પર બંદર છે.

પાલણપુર એજંસિ.

સીમાઃ—ઉત્તરે મારવાડ અને શિરોહી, પૂર્વે શિરોહી અને મહીકાંઠા એજંસિ, દક્ષિણે ગાયકવાડનું સંસ્થાન ને કાઠિઆવાડ એજંસિનું ઝીંઝુવાડા સંસ્થાન, અને પશ્ચિમે કચ્છનું રણ આવેલું છે.

દેખાવઃ—એજંસિની ઉત્તર અને પૂર્વ દિશાએ ડુંગરોની હાર, પશ્ચિમે ઝાડપાન વિનાનો ખારોપાટ, અને બાકીનો ભાગ એક વિસ્તીર્ણ સપાટ મેદાન છે.

પર્વતઃ—શિરોહી.

નદીઓ—બનાસ અને સરસ્વતી.

ઋતુઃ—પશ્ચિમના રણને લગતા ભાગમાં ઉનાળામાં તાપ સખત પડે છે.

જમીન અને પાકઃ—આ એજંસિની જમીન ઘણે ભાગે રેતાળ છે. બીજી કાળી, ગોરાડુ, ને ભાઠાની જમીન પણ છે. પાલણપુર સંસ્થાનની જમીન ગોરાડુ, રાધનપુર સંસ્થાનના કેટલાક ભાગની જમીન કાળી, ને રણના પ્રદેશની જમીન ખારી છે. ભાઠાની જમીન નદીકાંઠાની છે. મુખ્યત્વે કરીને જુવાર, ડાંગર, ઘઉં, કપાસ, બાજરી, કઠોળ, તલ, એરંડી અને સરસવનો પાક થાય છે.

વસ્તીઃ—(૫,૧૮,૫૬૬) માણસની છે.

રાજ્યવહીવટઃ—આ એજંસિનાં તમામ સંસ્થાનો પર દેખરેખ રાખવાને અંગ્રેજ સરકાર તરફથી એક

અંગ્રેજ અમલદાર નીમેલા છે, ને તે પોલિટિકલ એજંટ કહેવાય છે. તેમના ઉપરી રાજકોટમાં રહે છે.

સંસ્થાનોઃ—મુસલમાનીઃ (૧) પાલણપુર, (૨) રાધનપુર, (૩) વરાઈ ને (૪) તેરવાડા.

રજપુતઃ—(૧) થરાદ, (૨) મોરવાડા, (૩) વાવ (૪) સુઇગામ ને (૫) દેવદર.

કોળીઃ—(૧) ભામર, (૨) કાંકરેજ.

જાણવા લાયક સ્થળઃ—

પાલણપુરઃ—(૧૭,૨૪૩) પાલણપુર સંસ્થાનની રાજધાનીનું શહેર છે, તથા એજંસિના પોલિટિકલ એજંટનું સદર સ્ટેશન છે. પાલણપુર સંસ્થાનના રાજા મુસલમાન જાતના છે, ને તે દીવાન કહેવાય છે. આ શહેર પ્રહ્‌લાદદેવ નામના માણસે વસાવ્યું હતું, તેથી તેને અસલ પ્રહ્‌લાદપટણ કહેતા. પાછળથી પાલણસી ચોહાણે તેને આબાદ કર્યું. ત્યારપછી તેનું નામ પાલણપુર પડયું. શહેરને ફરતો કોટ છે, તે તથા રાજમહેલ, કચેરીઓ, હાથીખાનું વગેરે મકાનો જોવા લાયક છે.

ડીસા—(૭,૨૧૮) પાલણપુર સંસ્થાનમાં બનાસ નદીને કાંઠે આ શહેર આવેલું છે. પહેલાં અહીં ફરૂકાબાદ નામનું મોટું નગર હતું. અહીંની હવા સારી છે. શહેરની પાસે અંગ્રેજ સરકારના દેશી અને યુરોપીઅન લશ્કરની છાવણી છે, તે ડીસા કેન્ટોન્મેન્ટ કે ડીસા કેમ્પના નામથી ઓળખાય છે.

રાધનપુરઃ—(૯,૯૦૨) રાધનપુર સંસ્થાનના રાજ્યકર્તા નવાબ અહીં રહે છે. શહેરમાં રાજમહેલ, કચેરીઓ,

હિંદુ અને જૈન લોકોનાં દહેરાં તથા અનાથાશ્રમ વગેરે જોવા લાયક જગાઓ છે.

પંચાસર:—ગુજરાતના રાજા જયશિખરીની રાજધાનીનું શહેર હતું. હાલ ત્યાં એક નાનું ગામડું માત્ર છે. ગામડાની આજુબાજુ જુના શહેરનાં ખંડેરો માલમ પડે છે.

બાળારામ મહાદેવ:—પાલણપુરથી જતાં **ચિત્રાસણી** પાસે **બાળારામ** નદીને કાંઠે સુંદર ડુંગરી ઉપર **બાળારામ** મહાદેવનું દહેરૂં આવેલું છે. આજુબાજુનો પ્રદેશ વનસ્પતિથી ભરપુર અને રમણીય છે. અહીં શ્રાવણ મહીનામાં દર સોમવારે મેળો ભરાય છે.

***લોટેશ્વર:**—**મુંજપુર** નામે ગામની પશ્ચિમમાં લોટીમાં એ શિવાલય છે. ત્યાં ફાગણ માસની અમાસે મોટો મેળો ભરાય છે. ત્યાં એક કુંડ છે. ભૂત વળગ્યાના વહેમવાળા લોકો લાગટ ત્રણ વર્ષને મેળે આવે છે, તેથી એવે વખતે જોવાની ઘણી મઝા પડે છે.

---

*લોટેશ્વર વિષે એમ કહેવાય છે, કે બે મિત્રો જતા હતા તેમાંના એકને શિવનાં દર્શન કર્યા વિના જમવું નહિ, એવો નિયમ હતો તેથી બીજો જે એનો મિત્ર સાથે હતો, તેણે પેલો જાણે નહિ એવી રીતે માટીની લોટી ઉંધી વાળીને એ શિવલિંગ છે એમ કહ્યું. પેલાએ તેનું કહેવું સાચું માનીને ખરા પ્રેમથી પૂજન કર્યું ને પછી ભોજન કર્યું. પાછળથી તેના મિત્રે "એ તો લોટી છે ને મેં તારી મશ્કરી કરી હતી," એમ કહી ઉંધી વાળેલી લોટીને પગથી ઠોકર મારી, પણ તે ઉખડી નહિ ને તેમાંથી લોહી નીકળ્યું. ત્યારથી તે સ્થાન લોટેશ્વર નામથી ઓળખાવા લાગ્યું, ને તેની નામના વધી.

દીવ અને દમણ.

દીવ–નામનો બેટ કાઠિઆવાડના દક્ષિણ કિનારા પર આવેલો છે. તે **ફીરંગી** કે **પોર્ટુગીઝ** લોકોને તાબે છે. **પોર્ટુ**ગીઝ લોકો ઈંગ્લેન્ડથી થોડે દૂર આવેલા **પોર્ટુગલ** દેશના વતની છે. **દીવ**ના ભાવસારો છાપવાનું કામ સારૂં કરે છે. અસલ એ વેપારનું મોટું મથક હતું.

દમણ–સુરત જિલ્લાની દક્ષિણે ફીરંગી લોકોનું બીજું સંસ્થાન છે. આ સંસ્થાન લગભગ **ખંભાત** સંસ્થાન જેવડું છે. દમણ તાબાનો **નગરહવેલી** તાલુકો ઘણો ફળદ્રૂપ છે, અને તેમાં મુખ્ય પેદાશ ડાંગર, ઘઉં, નાગલી, કઠોળ અને તમાકુ છે.

વડોદરા રાજ્ય.

અંગ્રેજી રાજ્યના જિલ્લાઓ અને એજંસિઓની વચ્ચે છુટું છુટું આ રાજ્ય આવેલું છે.

રાજયવહીવટઃ—ગુજરાતનાં રાજયોમાં **વડોદરા**–**ગા-યકવાડ**–સરકારનું રાજ્ય મોટું છે. તે **મુંબઇ** સરકારના તાબામાં નથી, પણ હિંદી સરકાર–**વાઇસરૉય**ના તાબામાં છે. તેમના તરફથી એક અમલદાર **વડોદરા**માં રહે છે. તે રેસિડેન્ટ કહેવાય છે. ગાયકવાડ સરકારે પોતાના રાજયનો વહીવટ ચલાવવાને **અંગ્રેજ** સરકારની માફક જુદાં જુદાં ખાતાં સ્થાપેલાં છે, પણ ખાતાના ઉપરીઓનાં ઘણાંખરાં નામ દેશી ભાષામાં રાખેલાં છે. રાજયનો વહીવટ ચલાવવાને આખા રાજ્યના ચાર ભાગ પાડેલા છે. તે પ્રાંત કહેવાય છે. પ્રાંતના ઉપરી અમલદાર **સુબા** કહેવાય છે. ન્યાયની વડી અદાલત વરિષ્ટ કોર્ટ છે, અને તે **વડોદરા** શહેરમાં છે.

ગાયકવાડ સરકાર પોતાની રૈયતને સુખી કરવા ઘણા પ્રયત્ન કરે છે. રાજ્યના તમામ લોકો પોતાનાં છોકરાંને કેળવણી આપે એ ઉદ્દેશથી આખા રાજ્યમાં મફત અને **ફરજિઆત કેળવણી** આપવાનો ધારો કર્યો છે, તથા **બાળલગ્નનો** કાયદો કરી છોકરાંને નાનપણથી પરણાવી દેવાનો રિવાજ બંધ કરવાનો પ્રયત્ન કર્યો છે. મોટાં શહેરોમાં અંગ્રેજી નિશાળો અને હુન્નરશાળાઓ કાઢી છે, તથા લોકોને વાચનનો લાભ મળે એ હેતુથી લાયબ્રેરીઓ સ્થાપી છે.

વસ્તી:—૨,૦૦,૦૦૦ માણસની છે.

પ્રાંત:—(૧) કડી પ્રાંત (૨) વડોદરા પ્રાંત (૩) નવસારી પ્રાંત ને (૪) અમરેલી પ્રાંત.

જમીન, પાક અને આબોહવા:—

૧. **કડી પ્રાંત:**—જમીન ઘણે ભાગે રેતાળ, અને હવા સુકી ને સારી છે. બાજરી, જુવાર અને ઘઉં એ તેનો પાક છે.

૨. **વડોદરા પ્રાંત:**—જમીન ઘણે ભાગે સપાટ ને કેટલેક સ્થળે ટેકરાટેકરી ને વરસાદ જોઇતો આવે છે. પાકમાં બાજરી, ડાંગર, તમાકુ, જુવાર, કપાસ ને કોદરા મુખ્ય છે.

૩. **નવસારી પ્રાંત:**—આ પ્રાંતનો પૂર્વ ભાગ ડુંગરો ને જંગલોવાળો તથા પશ્ચિમ તરફનો ભાગ રસાળ છે, અને વરસાદ બીજા ભાગ કરતાં વધારે પડે છે. જંગલોને લીધે પશ્ચિમ ભાગનાં હવાપાણી ખરાબ છે. આ પ્રાંતમાં શેરડીનો પાક સારો છે.

૪. **અમરેલી પ્રાંત:**—આ પ્રાંતની જમીન ઘણે ભાગે ડુંગરાળ છે, ને વરસાદ થોડો વરસે છે. કોડીનાર તરફની

હવા સારી નથી. મુખ્ય પાક બાજરી, જુવાર, ઘઉં, શેરડી અને રૂ છે.

જાણવા લાયક સ્થળો:—

૧ **વડોદરા:**—(૯૪,૭૦૦) ગાયકવાડ સરકારની રાજધાનીનું શહેર **વિશ્વામિત્રી** નદીને પૂર્વ કિનારે આવેલું છે. **ચંદન** નામના રાજાએ આ શહેર વસાવ્યું હતું, અને પોતાના નામ પરથી **ચંદનાવતી** એવું નામ રાખ્યું હતું. શહેર સરકારી મકાનોને લીધે ઘણું શોભિતું છે. તેમાં **માંડવી** નામથી ઓળખાતો ભાગ ઘણોજ સુંદર છે. શહેરમાં કોલેજ, ન્યાયમંદિર **લક્ષ્મીવિલાસ રાજમહેલ**, **નજરબાગનો બંગલો**, **ચીમનાબાઈ** ટાવર, **સ્વામિનારાયણનું** મંદિર, રાજમહેલનો ભાગ, સાર્વજનિક બાગ વગેરે જોવાલાયક જગાઓ છે. સાર્વજનિક બાગ '**કામાટીબાગ**' કહેવાય છે. આ બાગ ઘણો વિશાળ છે; બાગની વચ્ચે વચ્ચે થઈને વિશ્વામિત્રી નદી વહે છે. તે ઉપર એક ઝૂલતો પૂલ બાંધેલો છે. આ ભાગમાં એક મોટું સંગ્રહસ્થાન છે, તેમાં જાતજાતનાં મરેલાં અને જીવતાં પ્રાણીઓ, હાડપિંજરો તથા કારીગરીની ઉત્તમ વસ્તુઓ રાખેલી છે.

૨. **ડભોઈ:**—વડોદરાથી ૧૮ માઇલ પર જુના કિલ્લાને માટે પ્રખ્યાત છે. આ કિલ્લો હાલમાં ખંડેર હાલતમાં નજરે પડે છે. એને ચાર દરવાજા છે. તેમાં **હીરા** દરવાજો નકશીમાં ચઢિઆતો છે. રાજા **વીસળદેવે** એ કિલ્લો બંધાવ્યો હતો, અને **હીરા** નામના કુશળ કારીગરને તે કામમાં રોકયો હતો **હીરાએ** કોટ ચણવા માટે આણેલા પત્થરોમાંથી એક તળાવ બંધાવવા માંડયું, અને ગએલા પત્થરની

ખોટ પૂરવા માટે પાળ પર પત્થર રાખી અંદર માટી અને ઇંટો પૂરી. આ વાત રાજાએ જાણી એટલે તેને દરવાજા આગળ કોટમાં જીવતો ચણાવ્યો. આ **હીરા**ના નામ પરથી દરવાજાનું નામ **હીરા દરવાજો** પડ્યું.

૩. પાટણ:—(૩૧,૦૦૦)આ શહેર કડી પ્રાંતમાં આવેલું છે. ગુજરાતના રાજા **વનરાજે** આ શહેર વસાવ્યું હતું, અને પોતાના મિત્ર **અણહીલ** ભરવાડના નામ પરથી **અણહીલપુર પાટણ** એવું નામ પાડ્યું હતું. **ગુજરાતના** રજપુત રાજાઓની રાજધાની ઘણા વખત સુધી અહીં હતી. **વનરાજની** મૂર્તિ તથા **સિદ્ધરાજે** બંધાવેલી **રાણીવાવ** હજુ અહીં હયાત છે. **સિદ્ધરાજે** બંધાવેલું સહસ્રલિંગ તળાવ તદ્દન પુરાઇ ગયું છે, અને તેની જગાએ હાલ ખેતરો થયાં છે. આ તળાવની પાળ પર મહાદેવનાં હજાર દહેરાં હતાં તેથી તેનું નામ સહસ્રલિંગ પડ્યું હતું. આ શહેર તરવાર, સુડી, પટોળાં અને માટીનાં વાસણ માટે પ્રખ્યાત છે.

૪. વડનગર:–આ શહેર ઘણા જુના વખતનું છે. હાટકેશ્વર મહાદેવનું, **આશાપુરી** માતાનું, જળેશ્વર મહાદેવનું, વગેરે ઘણાં દહેરાં તથા વહીવટદારની કચેરી, વગેરે જોવા લાયક જગાઓ છે. **વડનગરા નાગરો** મૂળ અહીંના વતની છે. તેઓ અહીંથી ગુજરાતના જુદા જુદા ભાગમાં જઈને વસ્યા છે. અહીં હાલમાં માત્ર તેઓનાં એક કે બેજ ઘર છે.

૫. ઉત્કંઠેશ્વર-ઉંટડીઆ મહાદેવ–આ પવિત્ર ને **પ્રખ્યાત શિવાલય વાત્રક નદીને** ડાબે કાંઠે **ગાયકવાડ સરકારની હદમાં પુનાદરા ગામની નજીક આવેલું છે. અહીં જાબાલી ઋષિનો આશ્રમ હતો એમ કહેવાય છે. મહાશિવ-**

રાત્રિને દિવસે અને સિંહસ્થ વર્ષે મોટો મેળો ભરાય છે. મેળામાં એક લાખ કરતાં પણ વધુ જાત્રાળુઓ આવે છે.

૬. **બહુચરાજી**–ગાયકવાડ સરકારની હદમાં બહુચરાજી માતાનું પવિત્ર સ્થળ આવેલું છે. અહીં ચૈત્ર સૂદ ૧૫ ને દિવસે મોટો મેળો ભરાય છે.

૭. **સિદ્ધપુરઃ**–(૧૫,૦૦૦) કડી પ્રાંતમાં સરસ્વતી નદી પર જાત્રાનું ધામ છે. અહીં ઘણા લોકો માતૃશ્રાદ્ધ કરવા માટે આવે છે. ગામમાં મહાદેવનું, રણછોડજીનું, શામજીનું ગોપીનાથનું વગેરે ઘણાં દહેરાં છે. રૂદ્રમાળ નામનું મહાદેવનું દહેરૂં જે ગુજરાતના રાજા મૂળરાજે બંધાવ્યું હતું, ને સિદ્ધરાજે પુરૂં કરાવ્યું હતું, તેનાં ખંડેરો જોવામાં આવે છે. અસલ એ જોવાલાયક દહેરૂં હતું. ત્યાં વર્ષમાં ચાર વાર જાત્રા ભરાય છે. એક કારતકી પુનેમે, બીજી આસોની પુનેમે, ત્રીજી શ્રાવણ વદ આઠમે ને ચોથી શ્રાવણ મહીનાના દર સોમવારે.

૮. **નવસારીઃ**—નવસારી મહાલનું મુખ્ય ગામ છે. અહીં પારસી લોકોની વસ્તી વધારે છે. હાઇસ્કૂલનું મકાન, લાયબ્રેરી, દવાખાનું, પારસી લોકોની અગિઆરીઓ વગેરે જોવા લાયક મકાનો છે. અહીંની હવા ઉનાળામાં ઠંડી તથા તંદુરસ્તીને અનુકૂળ હોવાથી ગાયકવાડ સરકાર હવાફેર માટે અહીં આવે છે. મહારાજાએ પોતાને રહેવા માટે એક સુંદર મહેલ બાંધેલો છે.

૯. **કર્નાળી**–નર્મદા નદીને કાંઠે જાત્રાનું મોટું ધામ છે.

૧૦. **ચાંદોદ**–નર્મદાને ઉત્તર કાંઠે જાત્રાનું ધામ છે. અહીં મહાદેવ, માતા, હનુમાન વગેરેનાં સુંદર દહેરાં આવેલાં

છે. દર વરસે કારતકી અને ચૈત્રી પુનેમે મોટી જાત્રા ભરાય છે. અહીં નર્મદાસ્નાન કર્યાથી સર્વ પાપમાંથી મુક્ત થવાય છે એમ લોકો માને છે.

૧૧. દ્વારકા:—કાઠિઆવાડને પશ્ચિમ કિનારે બંદર છે. જુના વખતમાં એ કૃષ્ણ ભગવાનની રાજધાનીનું શહેર હતું, અને તે વખતે તે ઘણું સમૃદ્ધિવાન અને શોભિતું હતું. એમ કહેવાય છે, કે અસલ **દ્વારકા** તો દરીઆમાં ડૂબી ગયું છે ને આ ત્યારપછી બીજું નવું વસ્યું. આ ગામ જાત્રાનું ધામ છે, ને દર વર્ષે હજારો જાત્રાળુઓ ત્યાં જાત્રાએ જાય છે. દહેરાં સિવાય ગામમાં બીજું કંઇ જોવાલાયક નથી. અહીં જાત્રાએ ગએલા લોકો **દ્વારકા** ગયાની નિશાની તરીકે હાથે ચિહ્ન કરાવે છે.

આ ઉપરાંત નવસારી પ્રાંતમાં **સોનગઢ** છે, જે અસલ ગાયકવાડની રાજધાનીનું શહેર હતું. **બહુચરાજી** જાત્રાનું સ્થાન છે. **ઊંઝા** કડવા કણબીની કુળદેવીનું સ્થાન છે, તથા કડી અને **વીસનગર** વગેરે બીજાં જાણવાલાયક સ્થળ છે.

ખંભાત સંસ્થાન.

સીમા:—ઉત્તરે અને પૂર્વે ખેડા જિલ્લો, દક્ષિણે ખંભાતનો અખાત, અને પશ્ચિમે અમદાવાદ જિલ્લો આવેલો છે.

આબોહવા—આ સંસ્થાનની નજીક દરીઓ હોવાથી બહુ તાપ કે બહુ ટાઢ પડતી નથી. હવા સમધારણ ને લોકોની તંદુરસ્તીને ફાયદાકારક છે. વરસાદ પણ ખેતીને માફકસર વરસે છે.

જમીન અને પાક:—ઉત્તર અને પશ્ચિમ તરફની જમીન ઘણે ભાગે કાળી છે, ને તેમાં કપાસ તથા ઘઉં પાકે

છે. પૂર્વ તરફની જમીનને મળતી છે, ને તેમાં બાજરી ડાંગર, કઠોળ વગેરે ધાન્ય તથા તમાકુ વગેરે પાકે છે.

નદીઓ—મહી અને સાબરમતી—આ બે નદીઓ આ સંસ્થાનની હદમાં દરીઆને મળે છે.

વસ્તી-(૭૧,૭૬૨) માણસની છે.

રાજ્યવહીવટ-અહીંના રાજ્યકર્તા મોગલ જાતના મુસલમાન છે, ને તે **નવાબ** કહેવાય છે. સંસ્થાનના પોલિટિકલ એજંટ તરીકેનું કામ ખેડા જિલ્લાના કલેકટર કરે છે.

જાણવા લાયક સ્થળો:—

૧. **ખંભાત**-(૨૭,૨૫૧) ખંભાતના અખાતને કિનારે રાજ્યધાનીનું શહેર છે. અસલ એનું નામ **સ્તંભ**-તીર્થ હતું. અહીં અકીકની જણસો સારી થાય છે, તથા સૂત્રફેણી વખણાય છે. શહેરને ફરતો કોટ છે. નવાબ સાહેબનો મહેલ, ન્યાય મંદિર, નિશાળો, હાઇસ્કૂલ વગેરે સરકારી મકાનો, હિંદુ અને જૈન લોકોનાં દહેરાં તથા લાલ બાગ, દીલખૂશબાગ વગેરે જોવા લાયક જગાઓ છે.

સમાપ્ત.

ધી સૂર્યપ્રકાશ પ્રીન્ટીંગ પ્રેસમાં મૂળચંદભાઇ ત્રીકમલાલે છાપી
ઠે. પાનકોર નાકા—અમદાવાદ.